([illegible] માટે)

[illegible]માળા—

પુસ્તક બીજું



[illegible] ત્રિવેદી.

[illegible]

[illegible]

(બ્રિટિશ શાળાઓ માટે)

ત્રિવેદિવાચનમાળા—

પુસ્તક બીજું

લેખકો

રાવ બહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી,
બી. એ.,
વાનપ્રસ્થ પ્રિન્સિપલ, ટ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ

અને

અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી,
એમ. એ., એલ એલ. બી ,
નૈતિક ને માનસિક તત્ત્વજ્ઞાનના અને ગુજરાતીના પ્રોફેસર,
વડોદરા કૉલેજ—વડોદરા

પ્રકાશક

એમ. સી. કોઠારી,
કાપડી પોળ, રાવપુરા—વડોદરા

પહેલી આવૃત્તિ: ૧૯૨૩

મૂલ્ય ૦-૪-૬

સુરત—ચૌટાના પૂલ ઉપર આવેલા "સુરત સિટિ" પ્રિન્ટિંગ
પ્રેસમાં ઠાકોરદાસ માનસિંહે છાપ્યું.

પ્રસ્તાવના

બીજું, ત્રીજું, ને ચોથું, એ ત્રણ પુસ્તકો, 'પ્રવેશિકા'ની પ્રસ્તાવનામાં જાહેર કરેલાં તત્ત્વો લક્ષમાં રાખી અમે તૈયાર કર્યાં છે.

આ ત્રણ પુસ્તકોમાં અમે નીચેના વિષયોને લગતા પાઠો તૈયાર કર્યાં છે:—

૧. પ્રાણિવર્ગ
૨. વનસ્પતિવર્ગ
૩. પૌરાણિક આખ્યાનો
૪. ઐતિહાસિક વીર પુરુષો
૫. બ્રિટિશ રાજ્ય
૬. તહેવાર
૭. નીતિ–ધર્મ (વાર્તાદ્વારા)
૮. સામાન્ય જ્ઞાન
૯. પદાર્થવિજ્ઞાન
૧૦. સમાજ
૧૧. મુસલમાન–તેમના તહેવાર, વીર પુરુષો, વગેરે
૧૨. પારસી-તેમના તહેવાર, રિવાજો, વગેરે
૧૩. ખેતી અને ગ્રામ્ય જીવન

પુસ્તકોમાં ભાષા ક્રમિક ચઢતી રાખી છે. 'પુસ્તક ત્રીજું' એમાં કહેવતો દાખલ કરી છે ને 'પુસ્તક ચોથું' એમાં સાધારણ અલંકારને ક્વચિત્ સ્થાન આપ્યું છે.

નીતિના પાઠો બહુધા વાર્તાદ્વારાજ આપ્યા છે. પદાર્થવિજ્ઞાનના પાઠોમાં 'હવા', 'પાણી', 'વનસ્પતિ ને તેના ભાગ', 'ખોરાક', 'શરીર', વગેરે વિષયો પર જરૂર જોગુંજ જ્ઞાન જેમ બને તેમ સંવાદના રૂપમાં ને સરળ રીતેજ આપવાનો પ્રયત્ન કર્યો છે.

આપણા તહેવાર, પૌરાણિક મહાપુરુષો, ને આપણા પારસીભાઈઓ ને મુસલમાનભાઈઓના તહેવારો ને રિવાજો વિષે વિદ્યાર્થીઓમાં ઘણું અજ્ઞાન હોય છે, તે દૂર કરવા તેમને લગતા પાઠો અમારી વાચનમાળામાં અમે દાખલ કર્યા છે.

આ ત્રણે પુસ્તકોમાં કવિતાઓ અમે જૂના કવિઓનીજ દાખલ કરી છે. વિષયમાં વિવિધતા આણે ને બાળકોને પ્રિય થાય એવી કવિતા જૂનાં કાવ્યોમાંથી શોધવી બહુ સહેલી નથી. જેઓ એ દિશામાં કાર્ય કરવા બેસશે તેમને તે તરત સમજાશે આજ કારણથી 'પ્રવેશિકા' ને 'પુસ્તક પહેલું' એને માટે અમારે કેટલાંક ખાસ કાવ્યો રચવાં પડ્યાં છે.

દરેક પુસ્તકને અન્તે સમજુતી આપી છે.

ત્રણે પુસ્તકોમાં કેટલાક સંવાદરૂપે આપેલા પાઠો શિક્ષણશૈલીના માર્ગદર્શક થાય એવા માલમ પડશે.

સુરત } કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી
જુલાઈ ૧૯૨૩ } અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી

અનુક્રમણિકા

પુસ્તક બીજું



આપણા શહનશાહ, પમા જ્યૉર્જ

પુસ્તક બીજું

પાઠ ૧લો

આપણા શહનશાહ, ૫મા જ્યૉર્જ

સામે પાને આપણા શહનશાહનું ચિત્ર છે. એમનું નામ ૫મા જ્યૉર્જ છે. એઓ ૭મા એડ્વર્ડ ને રાણી એલેક્ઝાન્ડ્રાના બીજા પુત્ર થાય છે. એમના મોટા ભાઈ ગાદીના વારસ હતા; પણ તેઓ મરી ગયા, તેથી ગાદી એમને મળી.

નાનપણમાં આપણા શહનશાહને સારી કેળવણી આપવામાં આવી હતી. તેઓ બાર વરસના હતા, ત્યારે તેમને દરિયાના લશ્કરની કેળવણી માટે એક વહાણ પર મોકલવામાં આવ્યા હતા.

શરૂઆતમાં તેઓ એક સાધારણ ખલાસીનું કામ શીખ્યા. ધીમે ધીમે, વહાણનાં બધાં કામ તેમને શિખવવામાં આવ્યાં. આથી નાનપણથી તેમને મળતાવડા રહેતાં ને હુકમ માનતાં આવડ્યું. તેમને વહાલમાં લોકો આપણા ખલાસી રાજા કહે છે.

પછી તેમને દુનિયાની મુસાફરીએ મોકલવામાં આવ્યા. તેથી તેમને બહુ જાણવાનું મળ્યું.

૨૮ વરસની ઉમરે તેઓ શાહજાદી મેરિને પરણ્યા. તેઓ આપણાં હાલનાં મહારાણી છે.

શાહનશાહ જ્યૉર્જ અને મહારાણી મેરિના વડીલ કુંવર એડ્વર્ડ આલ્બર્ટ આપણા પાટવી કુંવર છે.

શાહનશાહ ૫મા જ્યૉર્જ અને તેમના બાનુ મહારાણી મેરિ બે વાર હિંદુસ્તાનમાં આવી ગયાં છે. એક વાર જ્યૉર્જ પાટવી કુંવર હતા, ત્યારે તેઓ આવ્યાં હતાં અને બીજી વાર તેઓ ગાદીએ બેઠાં ત્યાર પછી આવ્યાં હતાં.

ભલાં રાણી વિક્ટોરિઆ આપણા દેશને બહુ ચહાતાં હતાં. તેઓ એક મુનશીની પાસે ઉર્દૂ પણ શીખ્યાં હતાં. તેમના પુત્ર શાહનશાહ ૭મા એડ્વર્ડ પણ આપણા દેશ પર ઘણું વહાલ રાખતા હતા. એમના પુત્ર શાહનશાહ જ્યૉર્જ તેવીજ રીતે આપણા પર ને આપણા દેશ પર વહાલ રાખે છે.

પહેલી વખત હિંદુસ્તાનમાંથી પાછા ફર્યા ત્યારે આપણા શાહનશાહે વહાલથી નીચે મુજબ કહ્યું હતુંઃ—

"વહાલ ને ઉપકાર સાથે અમે હિંદુસ્તાનનો કિનારો છોડીએ છીએ. અમે હિંદુસ્તાન જોયું છે ને જાણ્યું છે."

ઘણું જીવો શહનશાહ જ્યૉર્જ ને મહારાણી મેરિ !

પાઠ ૨જો

પોપટ



ઉપલું ચિત્ર પોપટનું છે. તમારાંમાંનાં ઘણાં બાળકોએ પોપટ જોયો હશે.

પોપટ જુદા જુદા કદના હોય છે. મોટામાં મોટો પોપટ ત્રણ ફૂટ સુધી લાંબો હોય છે. નાનામાં નાનો પોપટ ચકલી જેવડો હોય છે.

રંગે પોપટ લીલો હોય છે. કેટલાક પોપટનાં પીંછાંમાં બેત્રણ રંગની છાંટ હોય છે. દેખાવમાં પોપટ ઘણું સુંદર પંખી છે.

પોપને ટૂંકી, મજબૂત ચાંચ હોય છે. તે અંદર પડતી, વળેલી હોય છે.

વનમાં રહેતા પોપટ ફળ, બી, ને છોડના બીજા ભાગો પર જીવે છે. બોર ને મરચાં, પોપટને ઘણાં ભાવે છે. ખાવાની વસ્તુ પંજામાં ઝાલી તે ચાંચ વડે ફોલી ખાય છે.

પાળેલો પોપટ રાંધેલું અનાજ પણ ખાય છે; પણ આપણે એને બોર, મરચાં, કે ફળ આપીએ તો એને તે વધારે ભાવે છે.

કેટલાંક પ્રાણી નકલ કરવામાં હોશિયાર હોય છે. વાંદરું કેવું નકલબાજ છે તે તમે પહેલા પુસ્તકમાં શીખી ગયાં છો. પોપટને પણ નકલ કરતાં આવડે છે. તેને જે બોલાવીએ તે તે બોલે છે.

શિખવ્યું હોય તો પોપટ કુતરાની માફક ભસશે, બિલાડીની માફક 'મિઆઉં મિઆઉં' કરશે, ને બકરીની માફક 'બેં બેં કરશે. પોપટ જેમ છૂટક શબ્દો બોલી શકે છે તેમ વાકયો પણ બોલી શકે છે. આપણા લોકો પોપટને 'બોલો, પોપટજી, અચરે અચરે રામ' શિખવે છે. કેટલાક પોપટ ગાયન પણ ગાઈ શકે છે.

એક પોપટને એના પાળનારે 'હાસ્તો' એટલું બોલતાં શિખવ્યું હતું. એ પોપટ વેચવાનું એને મન થયું. એને એ બજારમાં લઈ ગયો. ઘણા લોકોની એ પોપટ ખરીદવાની મરજી થઈ. પણ એના પાળનારને એની કિંમત રૂપીઆ ૫૦) લેવી હતી. તેથી લોકો નાઉમેદ થઈ ચાલ્યા જતા હતા. એટલામાં એક શેઠને એ પોપટ ઘણો ગમી ગયો. પણ તે કિંમતથી ચોંકયો.

પોપટના માલિકે કહ્યું કે ૫૦) રૂપીઆ એ કિંમત વાજબી છે. તમે મારા પોપટનેજ પૂછો.

શેઠે પોપટને પૂછયું, તારી ૫૦) રૂપીઆ કિંમત બરાબર છે?

પોપટે કહ્યું, હાસ્તો.

શેઠ ખુશ થયા ને પોપટને ખરીદી ઘેર ગયા.

પોપટ બોલેલું બોલે છે. પણ એ બોલેલું સમજતો નથી. જે સમજ્યા વિના ભણે તેનું ભણતર 'પોપટીઆ' કહેવાય છે.


પાઠ ૩જો

દાખલો લેતાં વિચારજો.

એક કુંભાર ગધેડાં પર મીઠાની ગુણો લઈ જતો હતો. ઉનાળાનો દિવસ હતો. તાપ સખ્ત હતો. તેથી ભાર ઉપાડવો ગધેડાંને બહુ અઘરો પડતો હતો. જે ગધેડાં જરા થોભતાં હતાં તેને કુંભાર ડંડુકા લગાવતો હતો. બિચારાં ગધેડાં ચાલતાં ચાલતાં હાંફી ગયાં હતાં.

રસ્તામાં એક નાની નદી આવી. તે નદીની પાર એક વેપારીને ત્યાં મીઠું આપવાનું હતું. ગધેડાં નદીમાં ઉતર્યાં. એક ગધેડું ઘણુંજ થાકી ગયું હતું. ચાલતાં ચાલતાં તે બિચારૂં હાંફતું હતું. નદીમાં એક પથરા સાથે તેનો પગ અથડાયો, તેથી તે નદીના પાણીમાં ગબડી પડયું. પાણી ખળખળ વહ્યું જતું હતું. તે ગધેડા પરનું મીઠું પાણીથી

ધોવાઈ ગયું. તે પાણીમાંથી ઊઠયું ત્યારે તેની પીઠ પરનો બધો ભાર જતો રહ્યો. તે બોલ્યું, હાસ ! હવે કેવું સુખ લાગે છે! તે રાજી થઈને ચાલવા માંડયું.



સામેથી બીજાં ગધેડાં આવતાં હતાં, તેમાંના એકને તેના જેવો આનંદ મેળવવાનું મન થયું. તેણે જોયું કે પાણીમાં પડી ગયાથી આ ગધેડાનો ભાર ઓછો થયો છે. એથી એને મઝા પડે છે. હું ભારથી રિબાઉં છું. માટે હું પણ પાણીમાં બેસી જાઉં. એમ ધારી તે ગધેડું પાણીમાં બેસી ગયું.

પણ તેનો ભાર તો ઉલટો ઘણોજ વધી ગયો. તેની પીઠ પર મીઠું નહોતું, પણ રેતી હતી. રેતીમાં

પાણી ભરાયાથી બોજો ઉલટો વધ્યો. 'અરર!' 'ઓરે!' એમ કરતું અકળાતું અકળાતું તે ઊઠતું હતું. એટલામાં તેના શેઠે તેને પાંચસાત ડંફુકા લગાવી દીધા.

આમ આ બીજા ગધેડાને સુખ ન થતાં દુઃખ થયું. ખરેખર, વિચાર કર્યા વગર દાખલો લેવાથી ઘણી વાર પસ્તાવાનું થાય છે.

પાઠ ૪થો


ઘોડો

ઘોડો ઘણું દેખાવડું ને ઉમદા પ્રાણી છે. એને કેળવવાથી એ આપણું ઘણું કામ કરે છે. એની પીઠ પર જીન નાંખી આપણે સવાર થઈએ છીએ. એને પલોટી આપણે ગાડીમાં જોડીએ છીએ અને લગામથી આપણે કબજામાં રાખીએ છીએ.

ગાયના કરતાં ઘોડો વધારે ઊંચો હોય છે. એનું શરીર લાંબું હોય છે. એની પીઠ પહોળી ને મજબૂત હોય છે. એના પગ પાતળા, પણ લાંબા ને જબરા હોય છે.

ઘોડાની ગરદન પર લાંબા વાળ હોય છે, તેને યાળ કહે છે.

ઘોડાની આંખ તેના લાંબા માથાને છેડે હોય છે, તેથી તે સામે તેમજ બાજુએ જોઈ શકે છે. આથી



તેને ગાડીએ જોડે છે ત્યારે તેની આંખે અંધારી નાંખે છે એટલે તેની નજર સામીજ જાય છે.

ગાયને પગે બે આંગળાં હોય છે; પણ ઘોડાને પગે એકજ આંગળી હોય છે અને તેની આસપાસ નક્કર ખરી હોય છે. એ ખરી ઘસાય નહિ માટે એને નાળ જડાવવામાં આવે છે. ખરી આપણા નખ જેવી હોય છે, તેથી એને નાળ જડાય છે ત્યારે ઘોડાને દુઃખ થતું નથી.

ઘોડો તેજી છતાં નરમ ને તાબેદાર હોય છે.

એક બાદશાહે એક ઘણો કીમતી ને પાણીદાર ઘોડો ખરીદ્યો. તેણે પોતાના અમલદારોને કહ્યું, જોઉં, આ ઘોડા પર પહેલો કોણ સવાર થાય છે ? એક પછી એક બધા તૈયાર થયા, પણ બધાને તે ઘોડાએ ફેંકી દીધા. હવે કોઈની હિંમત ચાલી નહિ. છેવટે, રાજકુંવર તેના પર સવાર થવા તૈયાર થયો. તડકામાં પોતાનો ઓળો જોઈ ઘોડો ચમકતો હતો. કુંવર તે સમજ્યો હતો. ઘોડો પોતાનો ઓળો જોઈ શકે નહિ એવી રીતે તેણે તેને ફેરવી નાંખ્યો. આથી ઘોડો ગભરાતો બંધ થયો. હવે કુંવર તેને પંપાળી તથા થાબડી તેના પર સવાર થયો એટલે ઘોડો પૂરપાટ દોડયો.

આ પ્રમાણે જાનવરને સમજીને કેળવવાથી તે જલદી વશ થાય છે.

ઘોડા પર હેત રાખવાથી તે હળી જાય છે. એક જોદ્ધાની સાથે તેનો ઘોડો ખૂબ હળી ગયો હતો. લડાઈમાં તે જોદ્ધો ઘોડા પરથી પડી જઈ મરણ પામ્યો ત્યારે તે ઘોડો પોતાના શેઠના મુદડાની પાસેજ ઊભો રહ્યો. તેણે ખાવાપીવાની દરકારજ કરી નહિ. કેવું વફાદાર પ્રાણી !

પાઠ ૫મો

દીવાળી

ઉપજાતિ

જુઓ બની આતસકેરિ બાજી,
જોઈ હ્રદેમાં જન થાય રાજી;
જોતાં દિસે પા ઘડિ ખેલ ખાસો,
એવોજ છે આ જગનો તમાસો. ૧

કોઠીથિ દારૂ સળગી ઉઠે છે,
જાણે ઉગ્યું કાંચન ઝાડ એ છે;
શાખા દિસે પત્ર ફુલો ખરે છે,
જોવા થકી માત્ર ખુશી કરે છે. ૨

આકાશમાં ઊંચિ ચઢે હવાઈ,
તારા ખરે તે નિરખો નવાઈ;
જાણે ભલું બાણ તહાં ચડાવ્યું,
તારા નભેથી જઈ પાડિ લાવ્યું. ૩

વહી પુજી સાકર પાન વેંચે,
નામાં નવાં ખૂબ ખુશીથિ ખેંચે;
દેવાલયોમાં અનકૂટ થાય,
જનો વિષે હર્ષ ઘણો જણાય. ૪

દલપતરામ

પાઠ ૬ટ્ઠો

ટેવ

મહેતાજી—ભાઈઓ, જુઓ, હું તમને તમારા ભલાની વાત કહું છું. તમે તે સાંભળશો ?

છોકરાઓ—હા, જી.

મહેતાજી—જુઓ. તમને બરાબર બેસતાં પણ આવડતું નથી. કેટલાક પાટલી પર અર્ધા સૂઈ ગયા છો. બધા ટટાર બેસો. નહિ બેસો તો આગળ જતાં વાંકા વળી જશો. બેત્રણ દિવસ ટટાર બેસશો તો તેમ કરવાની તમને ટેવ પડશે. પછી તમને ટટાર બેઠા વિના ચહેનજ નહિ પડે.

છગન, તું ક્યાં જુએ છે ? તમારે બધાએ મારી તરફજ જોવું. વાંચતી વખતે ચોપડીમાં જોવું. બીજી બધી વખત મારી સામાજ જોવું. આમ બેત્રણ દહાડા કરશો એટલે પછી તમારે તેમ કરવાની મહેનત કરવી નહિ પડે. તમારાથી એની મેળેજ તેમ થશે.

મગન, તું દરરોજ ક્યારે સૂએ છે ને ક્યારે ઊઠે છે ?

પછી તેમને દુનિયાની મુસાફરીએ મોકલવામાં આવ્યા. તેથી તેમને બહુ જાણવાનું મળ્યું.

૨૮ વરસની ઉમરે તેઓ શાહજાદી મેરિને પરણ્યા. તેઓ આપણાં હાલનાં મહારાણી છે.

શાહનશાહ જ્યૉર્જ અને મહારાણી મેરિના વડીલ કુંવર એડ્વર્ડ આલ્બર્ટ આપણા પાટવી કુંવર છે.

શાહનશાહ ૫મા જ્યૉર્જ અને તેમના બાનુ મહારાણી મેરિ બે વાર હિંદુસ્તાનમાં આવી ગયાં છે. એક વાર જ્યૉર્જ પાટવી કુંવર હતા, ત્યારે તેઓ આવ્યાં હતાં અને બીજી વાર તેઓ ગાદીએ બેઠાં ત્યાર પછી આવ્યાં હતાં.

ભલાં રાણી વિક્ટોરિઆ આપણા દેશને બહુ ચહાતાં હતાં. તેઓ એક મુનશીની પાસે ઉર્દૂ પણ શીખ્યાં હતાં. તેમના પુત્ર શાહનશાહ ૭મા એડ્વર્ડ પણ આપણા દેશ પર ઘણું વહાલ રાખતા હતા. એમના પુત્ર શાહનશાહ જ્યૉર્જ તેવીજ રીતે આપણા પર ને આપણા દેશ પર વહાલ રાખે છે.

પહેલી વખત હિંદુસ્તાનમાંથી પાછા ફર્યા ત્યારે આપણા શાહનશાહે વહાલથી નીચે મુજબ કહ્યું હતું:–

આ બધી ખરાબ ટેવ છે. એકબે દહાડા એમ કરશો તો હમેશ એમ થઈ જશે. નઠારી ટેવ છોડવી અઘરી પડે છે; માટે નઠારી ટેવ પડવાજ દેવી નહિ.

પાઠ ૭મો

ભોથડ ખીમો ને મશ્કરો વીસીવાળો

બારેજડી ગામમાં જગાભાઈ કરીને એક વાણીઓ હતો. તેને મગનભાઈ નામનો પાલેજ ગામમાં એક દોસ્ત હતો. મગનભાઈએ જગાભાઈ પાસે પોતાને સારૂ એક સસલું મંગાવ્યું હતું. જગાભાઈએ ધાર્યું કે છૂટું સસલું આગગાડીમાં મોકલવાથી તેનું નૂર આપવું પડશે. આથી તેણે તેને પેટીમાં ઘાલ્યું. પેટીને તાળું મારી પોતાના નોકર ખીમા સાથે તેણે મગનભાઈને તે મોકલી.

એ દિશા તરફ ખીમો પહેલોજ જતો હતો. રસ્તામાં વડોદરા આવે છે તે જોતો જાઉં, એવી તેની મરજી થઈ. તેથી તે વડોદરામાં એક વીસીમાં ઉતર્યો. વીસીવાળાને પેટી સોંપી તે વડોદરા જોવા નીકળ્યો. વીસીવાળાએ ધાર્યું કે પેટીમાં પૈસા હોવા

જોઈએ. તેણે જુક્તિથી પેટી ઉઘાડી એટલે તો તેમાં તેણે સસલું જોયું. તે ટીખલી હતો, તેથી તેણે સસલું કાઢી લઈ બિલાડીનું બચ્ચું મૂક્યું ને પેટી દઈ દીધી.

વડોદરા જોઈ ખીમો પેટી લઈ પાલેજ ગયો. ત્યાં જઈ તેણે તે પેટી જગાભાઈને આપી. તેણે તેને કહ્યું, શેઠે તમે મંગાવેલું સસલું મોકલ્યું છે. જગાભાઈએ પેટી ઉઘાડી, એટલે માંહેથી બિલાડું નીકળ્યું. આથી તેણે પેટી દઈ દઈ જગાભાઈને પાછી મોકલી ને લખ્યું કે તમે મારી મશ્કરી કરી જણાય છે. ખીમો કહે, પેટીમાં તો સસલુંજ મૂક્યું છે એમ શેઠે મને કહ્યું છે. પણ જગાભાઈએ તે માન્યું નહિ.

વડોદરાનો થોડો ભાગ જોવાનો રહી ગએલો હોવાથી ખીમો પાછો ફરતાં પણ વડોદરે ઉતર્યો. તેણે અગાઉની વીસીમાંજ મુકામ કર્યો અને વીસીવાળાને પાલેજમાં બનેલી હકીકત કહી સંભળાવી. વીસીવાળો તે સાંભળી મનમાં ખૂબ હસ્યો. ખીમો ગામ જોવા ગયો તે દર્મિયાન તેણે પેટી ઉઘાડી તેમાંથી બિલાડું લઈ સસલું મૂક્યું.

ખીમાએ શેઠને મગનભાઈનો કાગળ આપ્યો અને પૂછ્યું, તમે પેટીમાં સસલાને ઠેકાણે બિલાડું કેમ


મૂક્યું ? શેઠ કહે, મેં સસલુંજ મૂક્યું છે. ખીમો કહે, તમે ઉઘાડીને જોશો એટલે તમારી ખાતરી થશે. શેઠે પેટી ખોલી એટલે તેમાંથી સસલું નીકળ્યું. ખીમો તો આ જોઈને ખિસિયાણોજ પડી ગયો. તે બોલ્યો, પાલેજમાં તો એ બિલાડું હતું, બારેજડીમાં સસલું થઈ ગયું ! ખીમાના ભોથડપણાનું ને વીસી-વાળાની મશ્કરીનું આ ફળ થયું.

પાઠ ૮મો

કાચબો ને હંસ

કાચબો મોટે ભાગે જળમાં રહેનારૂં પ્રાણી છે. એ નાનાં જીવડાં મારી નાંખી પાણી સ્વચ્છ કરે છે. હંસ એ રળિયામણું પંખી છે. આ વાચનમાળાના પૂંઠા પર સરસ્વતીનું ચિત્ર છે, તેમાં હંસ ચિત્રેલો છે.

એક મોટા તળાવમાં એક કાચબો રહેતો હતો. ત્યાં રોજ બે હંસ આવતા હતા. એકઠા થવાથી તેમની વચ્ચે દોસ્તી બંધાઈ. તેઓ વાતચીત કરતા અને એકબીજાને આનંદ પમાડતા. સાંજ પડે હંસ પોતાના માળામાં ચાલ્યા જતા. આમ કાચબા ને હંસના ઘણા દિવસ સુખમાં ગયા.



એક વરસ દુકાળ પડવાથી તળાવનું પાણી સુકાઈ જવા આવ્યું. આથી બે હંસોને પોતાના મિત્ર કાચબા માટે ફીકર થઈ. તેમણે કહ્યું, ભાઈ, તળાવમાં હવે પાણી રહેલું જણાતું નથી. તારી શી વલે થશે, તેના વિચારથી અમને કંઈ ચહેન પડતું નથી.

કાચબો બોલ્યો, હા, ભાઈઓ, મારે દુઃખે તમે દુઃખી થાઓ છો, એ હું જાણું છું. પણ ગભરાયાથી શું વળવાનું છે ? આપણે ધીરજ રાખી દુઃખમાંથી છૂટવાનો રસ્તો કાઢવો જોઈએ. તમે પાણીથી ભરેલું તળાવ શોધી કાઢો અને એક લાકડાની ચીપ લાવો. હું તેને દાંત વડે વચ્ચેથી પકડીશ અને તમે બે તેના બે છેડા પકડજો. એમ તમે તે તળાવમાં મને લઈ જાઓ તો હું બચું.

હંસોએ કહ્યું, બહુ સારૂં; પણ તારે એક વાત મનમાં રાખવી. અમે એ ચીપ લઈ ઊડીએ ત્યારે તારે મૂંગા રહેવું. તું બોલવા જઈશ તો પડી જઈ મરણ પામીશ.

કાચબો કહે, ઠીક. હું મૂંગો રહીશ.



પછી હંસો લાકડાની ચીપ લાવ્યા. કાચબાએ જડબાં વડે વચ્ચેથી દબાવી અને બે હંસોએ તેન

બે છેડા પકડયા. આમ કરી હંસો ઊડયા. આવી રીતે તેઓ ત્રણે એક મોટા શહેર પર થઈને જતા હતા, એવામાં કેટલાક લોકોની નજર ઊંચે ગઈ. આ જોઈ અચંબો પામી તેઓ બોલી ઊઠયા, ભાઈઓ, જુઓ, જુઓ, આ કંઈક જોવા જેવું છે. આમ શોરબકોર થવાથી કાચબાનું ધ્યાન તે તરફ ગયું. આ અવાજ શેનો છે એમ તે અર્ધું બોલ્યો એટલે તેનું મોં ઉઘડયું. ચીપ પરથી નીચે પડી તે તરત મરણ પામ્યો. મિત્રની શિખામણ ન માનવાથી તેની આવી વલે થઈ.

પાઠ ૯મો

કૌશલ્યા ને રામ વચ્ચે વાતચીત

રાગ ગોડી

ત્યારે માતા કૌશલ્યાજી બોલિયાં, હો વાલા રે;
તુંને નહિ જાવા દેઉં વંન, કુંવરજી કાલા રે.

ઘણી કોમળ છે તારી દેહડી, હો વાલા રે;
મારા લાડકવાયા તંન, કુંવરજી કાલા રે.

તુંને છુપો રાખું મારી વાડિમાં, હો વાલા રે;
બીજું કોઈ ન જાણે તેમ, કુંવરજી કાલા રે.

તારા વિના તો રેવાય નહીં, હો વાલા રે;
મુંને મૂકીને જાશો કેમ, કુંવરજી કાલા રે.

વનમાં વનફુળ કેમ પૂહેરશો, હો વાલા રે;
તજી સારાં કપડાંનું સૂખ, કુંવરજી કાલા રે.

એવાં વચન સુણી બોલ્યા રામજી, હો માતા રે;
તમે ધીરજ રાખો મંન, સુણો સુખદાતા રે.

પાછો આવીશ થોડા દિવસમાં, હો માતા રે;
આપો આજ્ઞા હું જાઉં વંન, સુણો સુખદાતા રે.


ગિરિધર (ફેરફાર સાથે)

પાઠ ૧૦મો

સસલું

તમે સસલાં જોયાં છે? એ કેવાં સફેદ ને સુંદર દેખાય છે? કેટલીક વાર ખેતરમાં ને જંગલમાં સવારે ને સાંજે એનાં ટોળેટોળાં ચરતાં જણાય છે. એ એવાં બીકણુ હોય છે કે આપણે તાળી પાડીએ કે એ તરત દોડી જાય છે. બિલાડી, કુતરાં, અને

બીજાં જાનવરોથી પોતાનો બચાવ કરવા એ જમીનની અંદર ખાડા ખોદીને જથાબંધ રહે છે.



પાળેલાં સસલાંને મોટાં પાંજરાંમાં રાખવાં પડે છે; કેમકે બિલાડાં ને કુતરાંની પેઠે તે પોતાની સંભાળ લઈ શકતાં નથી.

સસલાને શરીરે સુંદર, સુંવાળાં રૂંવાંટાં હોય છે. તેની પૂંછડી ઘણી નાની હોય છે. તેના કાન લાંબા હોય છે અને કોઈ દિશા તરફથી તેને બીક જેવું લાગે કે તે ઊભા થઈ જાય છે. તેની આંખ મોટી ને ચકચકતી હોય છે. તે ચારે તરફ

ફરતી રહે છે, તેથી કોઈને પાસે આવતું જોઈ તે નાસી જાય છે.

સસલાના પાછલા પગ આગલા કરતાં ઘણા મોટા હોય છે, તેથી તે કૂદકો ભરતું ચાલે છે. તેના પંજા બિલાડીના પંજાને મળતા હોય છે. તેના નખ કુતરાના નખ જેવા જાડા ને કઠણ હોય છે, તેથી તે પોતાના રહેઠાણ માટે જમીનમાં ખાડા ખોદી શકે છે.

સસલાના દાંત ઉંદર ને કોળના દાંત જેવા જબરા હોય છે. આગલા દાંત લાંબા, તીણા, ને ચપટા હોય છે.

સસલું ઘાસ, ઝાડનાં મૂળ, પાંદડાં, ને છાલ ખાય છે..

સસલું જન્મે છે ત્યારે કુતરાંબિલાડાંની પેઠે આંધળું હોય છે. દસેક દિવસનું થાય છે ત્યારે તેની આંખ ઉઘડે છે.

જાનવરો સસલાંનો નાશ ન કરતાં હોત તો તે બધી જાતની લીલોતરી ખાઈ જાત.

સસલું ગરીબ પ્રાણી છે, તેથી ઈશ્વરે તેનાં આંખ ને કાન ચપળ કર્યાં છે ને પગ કૂદકો મારે એવા બનાવ્યા છે. આથી તે બીજાં પ્રાણીથી પોતાનો બચાવ કરી શકે છે.

પાઠ ૧૧મો

ભલાં મહારાણી વિકટોરિઆ



મહારાણી વિકટોરિઆનું નામ આપણામાંના કોને જાણીતું નથી? એમણે આપણા દેશનો કારભાર પોતાના હાથમાં લીધો તે પહેલાં તે એક વેપારી મંડળના હાથમાં હતો.

હિંદુસ્તાનમાં સિપાઈઓનો બળવો થયા પછી મહારાણીએ હિંદનો અમલ પોતાના હાથમાં લીધો. અલાહાબાદમાં દરબાર ભરાયો ત્યાં રાણીનો હુકમ જાહેર કરવામાં આવ્યો. તેમાં મહારાણીએ બધી પ્રજાને સરખો ઇનસાફ આપવાનું વચન આપ્યું.

૬૪ વર્ષ રાજ્ય કરી મહારાણી લગભગ ૮૨ વર્ષની મોટી વયે મરણ પામ્યાં. એ ભલાં રાણીના વખતમાં દેશમાં આબાદી થઈ અને લોક શાંતિમાં રહ્યા.

મહારાણી કેવાં ભલાં અને દયાળુ હતાં, તે નીચે આપેલી વાત પરથી તમને સમજાશે.

તેઓ ગાદીએ આવ્યા પછી થોડા દિવસ રહીને એક અમલદાર મોતની સજાના એક હુકમ પર તેમની સહી લેવા ગયો. તે વખત તેમની ઉમર ૧૯ વર્ષની હતી. તેમણે તે અમલદારને પૂછયું, આ માણસના લાભમાં કંઈ કહેવાનું નથી ? તે અમલદારે કહ્યું, કંઈ નથી. દિલગીર થઈ ભલાં રાણીએ ફરી કહ્યું, તમે બરાબર યાદ કરો. તે અમલદારે જવાબ દીધો કે જોદ્ધા તરીકે તે ઘણો ખરાબ છે, પણ બીજી રીતે તેની ચાલ સારી છે. મહારાણી ખુશ થયાં. તેમણે કહ્યું, હું તમારો ઉપકાર માનું છું. એમ બોલી ધ્રૂજતે હાથે


હુકમ પર 'માફી આપી' એમ તેમણે મોટે અક્ષરે લખ્યું. કેવી દયા !

મહારાણી વખતસર કામ કરવા કેવાં આતુર રહેતાં હતાં તે નીચેની વાત પરથી સમજાશે.

એક વાર મહારાણીને પોતાના દરબારમાં જવું હતું. પોતે વખતસર તૈયાર હતાં. પણ પોતાની સાથે જનાર એક બાઈ અમલદાર આવી નહોતી. મહારાણીએ રાહ જોવાઈ ત્યાંસુધી તેની રાહ જોઈ. છેવટે તેઓ એકલાં જવા નીકળ્યાં. તેઓ બગીમાં બેસતાં હતાં કે તરત પેલી બાઈ આવી પહોંચી. મહારાણીએ ગુસ્સો બતાવ્યા વિના તેને કહ્યું કે તમારી ઘડીઆળ મોડી હોવી જોઈએ. એમ કહી તેમણે તેને એક ઘડીઆળની ભેટ આપી. આથી તે બાઈ શરમિંદી પડી ગઈ. ત્યારપછી તે હમેશ વખતસર હાજર રહેતાં શીખી.

પાઠ ૧૨મો

અણસમજુ ને સમજુ ઘેટાં



ઉપલું ચિત્ર જુઓ. એમાં એક ટેકરી ને નદીનો દેખાવ છે. ટેકરી પર ચાલવાનો સાંકડો રસ્તો છે. રસ્તાની નીચે ધોળાવ છે. ટેકરીની નીચે નદીનું પાણી જોસમાં વહ્યું જાય છે.

એ સાંકડા રસ્તા પર એકી વખતે એકજ માણસ કે એકજ જાનવરથી ચલાય તેમ છે. એક વખત એ રસ્તા પર બે ઘેટાં સામસામાં મળ્યાં. એક ઘેટાને એક તરફ જવું હતું ને બીજા ઘેટાને બીજી તરફ. બંને ઘેટાં અણસમજુ હતાં. બંને


હુઠે ભરાયાં. બંનેને ટક્કર થઈ. છતાં, બંને મંડયાં રહ્યાં. બંનેએ પોતાનું જોર અજમાવ્યું. તેમનાં શીંગડાં સામસામાં અથડાયાં ને થોડી વાર માંહ્યોમાંહ્ય ભેરવાઈ રહ્યાં. પછી બંને ઘેટાં જોસથી કૂદ્યાં. કૂદવાથી બંનેને એકબીજાનો ધક્કો લાગ્યો, તેથી બંને ટેકરી પરથી ગબડી પડયાં.



તે ગબડયાં તેવાંજ નદીમાં પડયાં. નદી ઊંડી હતી, તેથી બંને ઘેટાં ડૂબીને મરી ગયાં.

તેજ ટેકરી પર બીજી વખત બીજાં બે ઘેટાં સામસામાં જતાં હતાં. સાંકડા રસ્તા પર તે બે લડયાં નહિ. પેલાં બે અણસમજુ ઘેટાંની પેઠે આ બેએ ટક્કર ન લડાવી. આ બે સમજી ગયાં કે રસ્તો

સાંકડો છે ને લડવામાં જોખમ છે. બંનેને રસ્તા પરથી જવાનો ઉપાય સૂઝયો. તેમણે વિચાર્યું કે સંપીને રસ્તો માપવો સહેલો છે. તેમાંનું એક બેસી ગયું ને બીજું તેના પર પગ મૂકી ચાલ્યું ગયું.



પછી તરત પેલું બેઠેલું ઘેટું ઊઠીને ચાલતું થયું. કેવાં સમજુ ને શાણાં ઘેટાં !

બાળકો ? અઘરૂં કામ પણ સંપીને કરવાથી કેવું સહેલું બને છે ! પેલાં અણસમજુ ઘેટાં હઠીલાં થયાં, લડયાં, ને છેવટે બંને મરી ગયાં. પેલાં સમજુ ઘેટાં હઠીલાં ન બનતાં એકબીજાને મદદગાર બન્યાં, તેથી બંને પોતાને જવું હતું તે રસ્તે જઈ શકયાં.

પાઠ ૧૩મો

પ્રહ્લાદ

એક રાક્ષસોનો રાજા હતો. તે ઘણો બળીઓ હતો. તે સહુને બહુ સતાવતો હતો. તે વિષ્ણુ ભગવાનનો કટ્ટો દુશ્મન હતો. તેને પ્રહ્લાદ નામનો કુંવર હતો.

બાળપણથીજ પ્રહ્લાદનું મન ભગવાનનું નામ લેવામાં અને ભજન ગાવામાં લાગેલું હતું. બીજા કશામાં તેનું મન જતુંજ નહિ. તેના પિતાને આ બિલકુલ ગમતું નહિ.

રાજાએ તેને ગુરુ પાસે ભણવા મોકલ્યો. ગુરુ બારાખડી બોલતા ને તેની પાસે બોલાવતા. પણ તે રામનું એટલે ભગવાનનુંજ નામ બોલતો. 'રામ' વગર બીજા અક્ષર તે જોતો કે બોલતો નહિ ને માથું ધુણાવતો.

" ભણે ભણાવે કિ કી કે કૈ, બારાખડી બોલાવે રે ;
જેટલા અક્ષર રામ વિના તે, દેખી શીશ ડોલાવે રે."

તેના જોડીદારો પણ તેનું જોઈ તેમજ કરતા. આખરે, ગુરુ થાકયા અને રાજા પાસે જઈ તેને આ હકીકત તેઓએ કહી.

રાજાએ તેને સમજાવ્યો, ધમકાવ્યો, અને મારી નાંખવાની પણ બીક દેખાડી. પણ તે લગારે ડગ્યો નહિ.

તેની માએ કહ્યું, ભાઈ આપણે રાક્ષસ છીએ અને રામ એ રાક્ષસોનો દુશ્મન છે. માટે તું એનું નામ છોડી ભણવામાં મન ઘાલ. તને એવી હઠ કેમ લાગી છે ! એ હઠ છોડી દે.



આ રીતે તેને ગુરુએ અને માબાપે બહુ વીનવ્યો, પણ તેણે કોઈને લેખવ્યાં નહિ. રાજા તેના પર ખૂબ ગુસ્સે થયો. તેણે લાલચોળ થઈ કહ્યું, કયાં છે તારો ભગવાન ? બતાવ, જોઈએ.

પ્રહ્લાદ બોલ્યો, પિતાજી, ભગવાન બધે છે. કોઈ જગા એના વગરની ખાલી નથી.

તેનો પિતા ડોળા કાઢી બોલ્યો, આ થાંભલામાં તારો ભગવાન છે? હોય તો બતાવ. પ્રહ્લાદે ભગવાનને સંભાર્યા અને થાંભલા સાથે લાકડી ઠોકી. એકદમ તે થાંભલો ફાટ્યો અને તેમાંથી ભગવાન બહાર નીકળ્યા. અર્ધું માણસનું અને અર્ધું સિંહનું એવું ભગવાનનું બિહામણું રૂપ હતું. તે જોઈ પ્રહ્લાદનો પિતા ધ્રૂજવા લાગ્યો. ભગવાને તરત તેનો નાશ કર્યો અને તે પોતાના ભક્ત પ્રહ્લાદ પર રાજી થયા.

પાઠ ૧૪મો

પ્રહ્લાદને શિખામણ

રાગ ગોડી

તાતતણું માન રાખજે,
રંગીલા કુંવર રે;
માતાને લાગજે પાય,
રંગીલા કુંવર રે.

રમતાં રીસ નવ કીજીએ,
રંગીલા કુંવર રે;
દિન રાત રહીએ રળીઆત,
રંગીલા કુંવર રે.
બળતામાં હાથ ન ઘાલીએ,
રંગીલા કુંવર રે;
નવ ચાલીએ સાંકડી વાટ,
રંગીલા કુંવર રે.
મોટવડાઈ નવ લોપીએ,
રંગીલા કુંવર રે;
પાળીએ ઘરમાં ધર્મ,
રંગીલા કુંવર રે.
પંડને પાવન રાખીએ,
રંગીલા કુંવર રે;
નાહીએ નિર્મળ નીર,
રંગીલા કુંવર રે.
મેલાં વસ્ત્ર નવ પહેરીએ,
રંગીલા કુંવર રે;
રાખીએ શુદ્ધ શરીર,
રંગીલા કુંવર રે.

પ્રભાતે નવ પોઢીએ,
રંગીલા કુંવર રે;
હસ્તે ન તોડીએ તરણું,
રંગીલા કુંવર રે.
એવી વિદ્યા મેં શીખવી,
રંગીલા કુંવર રે;
તે વાત હૃદેમાં રાખ,
રંગીલા કુંવર રે.

કાળિદાસ

પાઠ ૨૫મો


કુતરો

ગામડાંમાં ને શહેરોની પોળોમાં કુતરાંને ભસતાં તો તમે સાંભળ્યાં હશે. તે ભસે છે તે કેવું ખરાબ લાગે છે! રખડતાં કુતરાં દેખાવમાં ગંદાં હોય છે. બધાં તેને 'હડે હડે' કરે છે.

પાળેલાં કુતરાં દેખાવડાં હોય છે. તેને પંપાળવાં ગમે છે.

કેળવ્યાથી કુતરાં ઘણાં ઉપયોગી થાય છે. તે ઘણાં વફાદાર હોય છે. તે શેઠને માટે પોતાનો જીવ પણ જોખમમાં નાંખે છે.

એક કુતરાના શેઠે તેને ફાનસ લઈ જવાનું શિખવ્યું હતું. કુતરૂં રોજ સાંજે મોંમાં ફાનસ લઈ શેઠને તેડવા જતું. ઘેર જતાં સળગાવેલું ફાનસ તે મોંમાં ઘાલી શેઠની આગળ આગળ ચાલતું. ખાડાખૈયા આવે ત્યાં તે અટકતું. શેઠ ત્યાં ચેતતો કે આહિં સાચવીને ચાલવાનું છે. કેવું વફાદાર ને ચતુર કુતરૂં !



ખેતરમાં કુતરૂં રાતે કેવી ચોકી કરે છે ! અજાણ્યો માણસ આવે કે તે કેવું ભસભસ કરી મૂકે છે !

તમે કુતરાંનાં શરીર તપાસ્યાં છે ? તે જુદા જુદા રંગનાં હોય છે. ઘણુંખરાં કુતરાંનાં શરીર લાંબાં હોય છે. તેના પગ લાંબા ને પાતળા હોય છે. તેની છાતી પહોળી હોય છે. તેનું શરીર સંકોચાઈ શકે તેવું હોય છે. તે જલદીથી દોડી શકે છે, કૂદી શકે છે, ને તરી પણ શકે છે.

કેટલાંક કુતરાંને ગોળ માથાં ને ટૂંકાં, ચીબાં નાક હોય છે; કેટલાંકને લાંબાં માથાં ને તીણાં, અણીદાર નાક હોય છે.

કેટલાંક કુતરાનાં કાન અણીદાર, અક્કડ હોય છે; કેટલાંકના લબડતા હોય છે.

કુતરાં શિકાર કરવામાં હોશિયાર હોય છે. કેટલાંક કુતરાં આંખની મદદથી શિકાર કરે છે ને કેટલાંક નાકની મદદથી. કેટલાંક દૂરથી જોવામાં ચંચળ હોય છે; કેટલાંક દૂરથી ગંધ પારખવામાં ચંચળ હોય છે. સાધારણ રીતે, બધાં કુતરાંનાં આંખકાન ચંચળ હોય છે.

કુતરાનાં જડબાં મજબૂત હોય છે. તેના દાંત અણીદાર ઊભા હોય છે.

બાળકો! કુતરૂં દોડતું હોય છે ત્યારે તમે એક વસ્તુ જોઈ છે? તેનું મોં ઉઘાડું હોય છે, જીભ લટકતી હોય છે, ને જીભ પરથી લાળ પડતી હોય છે. આ લાળ લાળ નથી હોતી, પણ કુતરાંનો પરસેવો હોય છે. કુતરાંને મોંવાટે પરસેવો થાય છે, શરીર પર નહિ.

પાઠ ૧૯મો

'ન્યાય જોવો હોય તો મલાવ જુઓ.'

સિદ્ધરાજ જયસિંહ એ ગુજરાતનો એક મોટો અને ઉદાર રાજા હતો.

સિદ્ધપુર હિંદુઓની જાત્રાનું ઠેકાણું છે. એ સરસ્વતીને કિનારે આવેલું છે. એ શહેર મૂળરાજ નામના ગુજરાતના રાજાએ વસાવ્યું છે. ત્યાં આવેલી રૂદ્રમાળ પણ એજ રાજાએ બંધાવવા માંડી. સિદ્ધ-રાજે એમાં સુધારો કર્યો. માટે એ શહેર સિદ્ધપુર કહેવાય છે.

સિદ્ધરાજના બાપનું નામ કરણ હતું. તે મરણ પામ્યો ત્યારે સિદ્ધરાજની ઉમર માત્ર ૧૦ વર્ષની

હતી. એની માનું નામ મીનળદેવી હતું. તે ઘણી શાણી અને મોટા મનની હતી. રાજ્યનો બધો કારભાર તે ચલાવતી. કુંવરને કેળવવાનો બોજો પણ તેને માથે હતો.

મીનળદેવીએ મલાવ નામે એક મોટું તળાવ બંધાવ્યું હતું. એ બાંધવાની જગાની અંદર એક સ્ત્રીનું ઘર આવતું હતું. એ ઘર વેચાતું લેવા મીનળદેવીની મરજી થઈ. તેણે માલિક સ્ત્રીને મનમાનતી રકમ આપવા કહ્યું. પણ તે સ્ત્રીને પોતાનું મકાન વેચવાની મરજી નહોતી. તેને બહુ સમજાવવામાં આવી, પણ તેણે પોતાનું મકાન વેચવાનું કબૂલ કર્યું નહિ.

અમલદારોએ રાણીને એવી સલાહ આપી કે આપણે એ બાઈને પૈસા આપી એનું ઘર લઈ લેવું.

રાજમાતાને એ વાત બિલકુલ ગમી નહિ. તેણે કહ્યું, એનું મકાન એની ખાનગી મિલ્કત છે. એની મરજી ઉપરાંત એ લઈ લેવાય નહિ. એ તો ખુલ્લો ગેર ઇનસાફ થાય. તળાવનો આકાર ભલે બેડોળ થાય. મારા શોખની ખાતર એવું ગેર ઇનસાફનું કામ હું કદી નહિ કરૂં.

શાબાશ છે એ રાજમાતાને ને એના ન્યાયને ! 'ન્યાય જોવો હોય તો મલાવ જુઓ,' એવી કહેવત આપણામાં તે દિવસથી ચાલતી થઈ છે.

પાઠ ૧૭મો

મારી ફૂલવાડી

તુલસીદાસ શેઠ ખાધેપીધે સુખી હતા. તેઓ બચરવાળ પણ હતા. શહેર બહાર તેમની એક મોટી ફૂલવાડી હતી. ત્યાં તેઓ સાંજે ફરવા જતા. તેઓ હમેશ પોતાની જોડે બેત્રણ છોકરાંને લઈ જતા.

એક દિવસ સાંજે શેઠ વાડીમાં પાટલી પર બેઠા હતા. તેમનાં છોકરાં ઇંદુ, મણિધર, ને કુસુમ સામેની પાટલી પર બેઠાં હતાં.

શેઠ—ભાઈ ઇંદુ ! આપણી વાડીમાં મોટાં ઝાડ કયાં કયાં છે ? તુ મને કહે.

ઇંદુ—બાપુજી, લીમડો, બોરસલી, ને આમલી.

શેઠ—વારૂ. એ આપણને શા કામનાં છે તે તમે જાણો છો ? મણીધર, તું કહે, જોઈએ.

મણિ૦—બાપુજી, મને બપોરે લીમડાના ઝાડ નીચે બેસવું બહુ ગમે છે. એની છાયા ઠંડી છે. બોરસલીની સુગંધ મીઠી છે. તે બહુ દૂરથી

આવે છે. આમલીને છૂંદી માંહેથી કચુકા કાઢી નાંખવામાં આવે છે. પછી આપણે દાળમાં ને કેટલાંક શાકમાં તે આમલી નાંખીએ છીએ.

શેઠ—હા, ખરી વાત છે. થોડુંક વધારે કહું છું તે સાંભળો. આપણી વાડીમાં લીમડાનાં બે ઝાડ છે. એક મીઠા લીમડાનું છે ને બીજું કડવા લીમડાનું. મીઠા લીમડાનાં પાંદડાં કઢીમાં નંખાય છે. લીમડાનું લાકડું ઘણું ઠંડું છે. માથું દૂખે ત્યારે એને ઘસીને ચોપડવું. એથી ઘણી વાર આરામ થશે. લીમડાનાં પાંદડાંનો બાફ લેવાય છે. એથી તાવે પીડાતાને ગુણ થાય છે. વળી એ પાંતરાંની ધૂણી કરવાથી મચ્છર ઓછા થાય છે. જેનાં ફળ ખાવામાં આવે છે, એવાં ઝાડ આપણી વાડીમાં છે ?

છોકરાં—હા, જી. આંબાનું ઝાડ ને કેળનું.

શેઠ—ખરૂં. તમને કેરી ને કેળાં બહુ ભાવે છે. ફૂલનાં ઝાડ કયાં છે ? બોલો, જોઈએ.

ઇંદુ—ગુલાબનું, ગલગોટાનું, જાસુસનું, કરેણનું, ને મોગરાનું.

શેઠ—બરાબર, પણ ચંપાનું ઝાડ તું ભૂલી ગયો. ગુલાબનાં ફૂલને કાંટા હોય છે તે તોડો ત્યારે

તપાસજો. કરેણાં ત્રણ જાતનાં હોય છેઃ લાલ, ધોળાં, ને પીળાં. પેલા મોટા ગલગોટા છે, તે હજારી ગોટા કહેવાય છે. વારૂ, વાડીના દરવાજાને મથાળે તેમજ સામા મંડપમાં વેલા છે, તેમાં કયાં ફૂલ થાય છે ?

મણિ૦—બાપુજી, એમાં નાનાં સફેદ ફૂલ થાય છે.

શેઠ—ખરી વાત. એમાં જાઈ ને જૂઈ બહુ ખુશબોદાર છે. આ ફૂલ જુઓ. એ બારે માસ ઊગે છે, માટે બારમાસી કહેવાય છે. તમે જાણો છો કે મોગરા તો ઉનાળામાં ઊગે છે. ચાલો, હવે ઘેર જઈએ.

પાઠ ૧૮મો

જેવી સોબત તેવી અસર.

છપ્પો

કરે દુષ્ટનો સંગ, દુષ્ટની બુદ્ધિ આવે;
કરે દુષ્ટનો સંગ, ગુણ સઘળાજ ગુમાવે;
કરે દુષ્ટનો સંગ, દુષ્ટની બોલી ફાવે;
કરે દુષ્ટનો સંગ, દુષ્ટની રીતજ ભાવે;
દુષ્ટ જન કામ નીચાં કરે, દુષ્ટ કહેવાય ન ઉંચ જનઃ
સામળ કહે સંગત દુષ્ટની, કદાપિ ન કરિયે કોઈ દન.

સામળભટ્ટ (ફેરફાર સાથે)

પાઠ ૧૯મો

ધર્મસેન ને પાપસેન, ભાગ ૧લો

ધર્મસેન ને પાપસેન નામે બે મિત્રો હતા. ધર્મસેન સારી દાનતનો હતો. પાપસેન બુરી દાનતનો હતો.

પાપસેને વિચાર કર્યો. હું ઘણો ગરીબ છું. ધર્મસેનનને ફોસલાવીને હું ગામ બહાર લઈ જાઉં તો હું પુષ્કળ પૈસા મેળવી શકું. પછી એને છેતરી એના પૈસા હું પચાવી પાડીશ.

આમ ધારી પાપસેને ધર્મસેનને કહ્યું, ભાઈ, ગામ બહાર ગયા વગર પૈસો ભેગો કરાતો નથી. મુસાફરી કર્યા વગર ચતુરાઈ આવતી નથી. કુવામાંના દેડકાની પેઠે ગામમાં ભરાઈ રહેવાથી આપણા વિચાર સાંકડા થાય છે. માટે આપણે મુસાફરીએ નીકળવું જોઈએ. ધર્મસેન આ ચતુર વાણીની જાળમાં લપટાયો.

બંને મિત્રો પરદેશ નીકળ્યા. થોડા દિવસમાં બહુ ધન મેળવી તેઓ પોતાને ગામ પાછા ફર્યા. ગામની પાસે આવ્યા એટલે પાપસેને કહ્યું, ભાઈ, આટલો બધો પૈસો જોઈ આપણાં સગાંવહાલાં

આપણને ફોલી ખાશે. માટે ગામ બહાર જંગલમાં ખાડો ખોદી આપણે આમાંનો ઘણોખરો પૈસો દાટી દેવો. થોડા દહાડા રહીને આપણે તે લઈ જઈશું.

ધર્મસેનનું મન ચોકખું હતું, તેથી પાપસેનની લુચ્ચાઈ તે સમજી શકયો નહિ. તેણે પાપસેનનું કહેવું માન્યું. આ રીતે જંગલમાં ખાડો ખોદી તેમાં ભેગા કરેલા ધનનો મોટો ભાગ દાટી તેઓ ઘેર ગયા.

પાઠ ૨૦મો

ધર્મસેન ને પાપસેન, ભાગ ૨જો

ઘેર પહોંચ્યા પછી તરતજ પાપસેન ખાડામાંથી બધો પૈસો લઈ આવ્યો. બીજે દિવસે તેણે ધર્મસેનને કહ્યું, ચાલો, આપણે પેલા ખાડામાંથી આપણો પૈસો લઈ આવીએ. બંને જંગલમાં ગયા. તેમણે ખાડો ખોદ્યો તો તે ખાલી દીઠો. આ જોઈ પાપસેન માથું કૂટવા ને રોવા મંડયો. તેણે ધર્મસેનને કહ્યું, તેંજ આ ખાડામાંથી પૈસો લીધો છે. તને કચેરીમાં ઘસડી જઈ હું સરકાર પાસે સજા કરાવીશ.

પછી પાપસેને કચેરીમાં જઈ ફરિયાદ કરી કે જંગલમાં દાટેલો અમારા બંનેનો પૈસો ધર્મસેન

છાનોમાનો લઈ ગયો છે. વનદેવી મારી સાક્ષી છે. માટે જંગલમાં જઈ વનદેવીને સાંભળી સરકારે અમારો ઇનસાફ કરવો.

આમ ફરિયાદ કરી પાપસેન ઘેર આવ્યો. તેણે પોતાના બાપને સમજાવ્યો કે જંગલમાં એક ઝાડ છે, તેની બખોલમાં તમારે ભરાઈ બેસવું. આ ખાડો કોણે ખાલી કર્યો છે, એમ ન્યાયાધીશ પૂછે ત્યારે તમારે ધર્મસેનનું નામ દેવું.

ધર્મસેનને અને પાપસેનને લઈને ન્યાયાધીશ જંગલમાં ગયો. પાપસેનના કહ્યા પ્રમાણે તેણે ઝાડ આગળ જઈને પૂછયું, આ ખાડો કોણે ખાલી કર્યો છે?

ઝાડમાં ભરાએલો પાપસેનનો બાપ બોલ્યો, ધર્મસેને.

ન્યાયાધીશ ધર્મસેનને સજા કરવા જતો હતો, એટલામાં ધર્મસેને વિચાર કર્યો કે આ શું? હું પાપી નથી, છતાં મારે માથે આ પાપ કોણ ઓરાઢે છે? ઝાડમાં કોઈ ભરાયું તો નથી? ન્યાયાધીશની રજા માગી તેણે તે ઝાડ સળગાવ્યું. જેવું તે ઝાડ સળગ્યું કે તરત બળવાની બીકથી પાપસેનનો બાપ તેમાંથી બહાર નીકળ્યો.



આ રીતે આખરે પાપસેનનું પાપ જાહેર થયું ને તેને ઘટતી સજા થઈ. ખાડો ખોદે તે પડે.

પાઠ ૨૧મો

ધણિનું ધાર્યું થાય.

દોહરા

માણસ જાણે મેં કર્યું, મન મિથ્યા મલકાય;
નરનાથી શું નીપજે, ધણિનું ધાર્યું થાય. ૧

વહાણુ ચડિને વાણિયા, ધન લેવાને ધાય;
લાવે કે આવે નહીં, ધણિનું ધાર્યું થાય. ૨

કર્તાની કરુણા વિના, કશું કરી ન શકાય;
ધરી રહે સૌ ધારણા, ધણિનું ધાર્યું થાય. ૩

ભાણે ભરિયાં ભોજનો, જમ્યા વિના રહિ જાય;
આશા અંતરમાં રહે, ધણિનું ધાર્યું થાય. ૪

અરે અલ્પબળ આદમી, ફોકટ શિદ ફૂલાય;
દુનિયામાં દલપત કહે, ધણિનું ધાર્યું થાય. ૫

દલપતરામ

પાઠ ૨૨મો

નમનતાઈ રાખો.

એલેક્ઝાન્ડર નામનો એક શાહનશાહ હતો. એક વાર તે પોતાના રાજ્યમાં મુસાફરી કરતો હતો. ફરતાં ફરતાં તે એક નાના ગામ આગળ આવ્યો. ત્યાં તેને ઘોડા બદલવાના હતા ને તે ગામ તેણે જોયું નહોતું. તેથી તે ગામમાં ફરવા નીકળ્યો.

તે વખતે તેણે સાદો લશ્કરી પોશાક પહેર્યો હતો. તેથી તે શાહનશાહ છે એમ કોઈ પારખે

એમ નહોતું. ફરતાં ફરતાં તે રસ્તાને છેડે આવ્યો. ત્યાં રસ્તો બે બાજુએ ફંટાતો હતો; જમણી પાસ ને ડાબી પાસ. હવે આગળ જમણી તરફ વળવું કે ડાબી તરફ તેની તેને ખબર ન પડી.

ત્યાં એક ઘરને બારણે એક સિપાઈ ઊભો હતો. તેની પાસે જઈ શહનશાહે પોતાને જે ગામ જવું હતું તેનો રસ્તો પૂછ્યો. સિપાઈ મોંમાં બીડી ઘાલી સત્તાના દમામમાં અક્કડ થઈને ઊભો હતો. તેને લાગ્યું કે આવો એક સાદો સાધારણ મુસાફર મારા જેવાને પૂછવાની હિંમત ધરે એ કેવું નવાઈ જેવું! સફાઈથી મગરૂરીમાં તેણે જવાબ આપ્યો, જમણી તરફ.

શહનશાહે કહ્યું, જરા માફ કરજે, ભાઈ. એક તસ્દી આપું?

સિપાઈએ કહ્યું, શું છે? બોલ.

શહનશાહે પૂછ્યું, લશ્કરમાં આપ કઈ પાયરી પર છો?

સિપાઈએ કહ્યું, તું શું ધારે છે? એમ કહી બેદરકારીથી એણે બીડીનો ધુમાડો ઉડાવ્યો.

શહનશાહ આ મગરૂરીથી અચંબો પામ્યો, અને એણે કહ્યું, શું નાયક છે?

નહિ, તેથી ઊંચો.

હવાલદાર ?

અરે નહિ, હજી ઊંચો.

ત્યારે શું જમાદાર છે ?

હા, હવે ખરૂં ધાર્યું.

આમ જવાબ દઈ જમાદારે પૂછયું, મને તેં પૂછયું ત્યારે તારી પાયરી તો કહે.



શાહનશાહે કહ્યું, તું શું ધારે છે ?

નાયક ?

નહિ, ઊંચો.

હવાલદાર ?

નહિ, તેથી ઊંચો.

ત્યારે શું તું જમાદાર છે ?

ના, ભાઈ, હજી ચઢતો. હજી તો બહુજ ઊંચો છું.

મોંમાંથી બીડી કાઢી નાંખી જમાદારે પૂછ્યું, શું આપ સેનાપતિ છો ?

ના, હજી ચઢતો છું.

આ સાંભળી જમાદારનું મોં ફિક્કું પડ્યું, ને ધીમે ધ્રૂજતે સાદે તેણે પૂછ્યું, શું આપ સાહેબ શાહનશાહ છો ?

હા, ખુદ શાહનશાહ.

આ વાક્ય સાંભળી જમાદાર ખૂબ બીધો ને હાથે ને પગે પડી બોલ્યો, મને માફ કરો, મેં ભૂલ કરી.

શાહનશાહે કહ્યું, શા માટે ? માફી માગવાનું કારણ નથી. મેં રસ્તો પૂછ્યો તે તેં બતાવ્યો. મારે તારો ઉપકાર માનવો જોઈએ. એમ કહી તે ભલો શાહનશાહ ચાલતો થયો.

જમાદાર તે દિવસથી નમનતાઈ શીખ્યો. આગળ કોઈ પણ વખત ઉછાંછળા થવાનું એને મન થતું તે વખતે શાહનશાહની છબી એની નજર આગળ ખડી થતી ને હમેશાં એને આડે માર્ગે જતાં અટકાવતી. ફરી આખી જિંદગીમાં એ ઉછાંછળો બન્યો નહિ.

પાઠ ૨૩મો

શ્રવણ

શ્રવણ નામે એક બ્રાહ્મણ હતો. તેનાં મા ને બાપ બંને આંધળાં હતાં.

શ્રવણ માબાપની સારી રીતે ચાકરી કરતો હતો. ઘડપણમાં માબાપને યાત્રાએ જવાનું મન થયું. શ્રવણે તેમને કાવડમાં બેસાડ્યાં ને કાવડ ખાંધ પર ચઢાવી એ તેમને યાત્રાએ લઈ ગયો. શાબાશ છે એ પુત્રને કે માબાપની એણે ઉત્તમ સેવા કરી!

રસ્તામાં શ્રવણની માને તરસ લાગી. માબાપને એક જગાએ મૂકી શ્રવણ પાણી શોધવા ગયો. એ આઘે ગયો ત્યારે એને એક તળાવ જડ્યું. એ તળાવમાં એણે ઘડાથી પાણી ભરવા માંડ્યું. પાણી

ભરાતું ગયું તેમ તેમ ઘડામાંથી ભટુક ભટુક એમ અવાજ થતો ગયો.



આ વખતે દશરથ રાજા શિકારે નીકળ્યા હતા. દૂરથી આ ભટુક ભટુક અવાજ સાંભળ્યો ત્યારે તેમને એમ લાગ્યું કે આ કોઈ પાણી પીતા હરણનો અવાજ

છે. એ સાંભળી અવાજની બાજુ તરફ તેમણે બાણ માર્યું. એ બાણ કમનસીબે શ્રવણને વાગ્યું.

રાજા જઈને જુએ છે તો ઘડા પર શ્રવણ પડેલો છે ને એના હૃદયમાંથી લોહી વહ્યું જાય છે. રાજા ઘણા દિલગીર થયા. મરતાં મરતાં શ્રવણે કહ્યું, મારાં માબાપને પાણી પાઓ.

પણે શ્રવણનાં માબાપ શ્રવણની વાટ જોયાંજ કરતાં હતાં. શ્રવણને બદલે દશરથે તેમને પાણી આપ્યું. દશરથે કહ્યું, લો માતાજી, પાણી પીઓ.

આ સાદ મારા શ્રવણનો નથી, પણ બીજા કોઈનો છે, એમ માજીએ તરત પારખ્યું.

તેમણે પૂછ્યું કે તું કોણ છે?

રાજાએ કહ્યું, હું દશરથ છું. મેં ભૂલથી શ્રવણને બાણ માર્યું, તેથી એ મરી ગયો છે.

આ સાંભળતાંજ શ્રવણની મા બેભાન થઈ ને બાપ છાતીફાટ રડવા મંડયો. તેણે કહ્યું, અરે દશરથ! તેં શું કર્યું? અમને અમારા પુત્ર પાસે લઈ જા.

કાવડ ઉપાડી દશરથ બંનેને શ્રવણના મુડદા આગળ લઈ ગયા. મુડદાને અડકી માબાપ ઘણાંજ છાતીફાટ રડયાં. શ્રવણ! ભાઈ શ્રવણ! તને શું

થયું ? એમ કહી તેઓએ રડારડ કરી મૂકી. બિચારાં આંધળાંનું રત્ન હતું ન હતું થયું. અફસોસ !

દશરથે કહ્યું, હું તમારી ચાકરી કરીશ. જેમ શ્રવણ તમારી ચાકરી કરતો હતો તેમજ હું કરીશ. ગભરાઓ નહિ.

ઘરડાં માબાપને આથી શાંતિ વળી નહિ. દુઃખથી બંને ઘણાંજ ઉશ્કેરાયાં હતાં. તેથી તેમણે દશરથને શાપ દીધો કે હે રાજા! જેવી રીતે અમે અમારા પુત્રના વિજોગથી ઝૂરી ઝૂરીને મરીએ છીએ, તેવી રીતે તું પણ પુત્રના વિજોગથી મરજે. એમ કહી તે બિચારાં મરી ગયાં.

દશરથ રાજાને એ કકળતાં હૃદયોનો શાપ પૂગ્યો. દશરથ પણ, હે રામ ! હે રામ ! એમ કરતા, રામના વિજોગથી ઝૂરી ઝૂરીને મરણ પામ્યા.

પાઠ ૨૪મો

હોળી

હોળી ફાગણ સુદ પુનેમે આવે છે. હિંદુઓનો એ મોટો તહેવાર છે.

એ દિવસે બાળકો નગારાં વગાડે છે, લોકો ગાવાબજાવવામાં ને રંગગુલાલ છાંટવામાં આનંદ માને છે, ને મશ્કરી કરવાની છૂટ મૂકવામાં આવે છે.



સાંજે ચકલે ચકલે ને પોળોને નાકે કે ચોગાનમાં હોળી સળગાવવામાં આવે છે. લોકો હોળીની પૂજા કરે છે; તેમાં ધાણીચણા, આંબામોર, ને નાળિયેર વધાવે છે; ને તેની પ્રદક્ષિણા ફરે છે. આખો દહાડો ભૂખ્યા રહેલા લોકો આવી રીતે હોળીની પૂજા કર્યા પછી જમે છે.

ઠેકાણે ઠેકાણે લોકો લાકડાં, છાણાં, ને બાળવાની વસ્તુઓના ઢગલા કરી તેને સળગાવી મૂકે છે, તેનું કારણ શું? એ જાણવા લાયક છે. એ સંબંધમાં નીચે મુજબ વાત જાણવા જેવી છે.

અગાઉ એક રાક્ષસી હતી. તેણે ખૂબ તપ કરી મહાદેવને રીઝવ્યા, તેથી મહાદેવ પ્રસન્ન થયા. મહાદેવે તેને કહ્યું કે જે માગવું હોય તે માગ, હું તને તે આપીશ. તેણે કહ્યું કે હું કોઈને પણ હાથે મરૂં નહિ એવું મારે જોઈએ છે. મહાદેવે કહ્યું, ઠીક તેમ થશે.

આમ બન્યા પછી આ રાક્ષસી કોઈને પત કરતી નહોતી. બધા એનાથી કંટાળ્યા, ત્યારે એને મારવા માટે વસિષ્ઠ ઋષિએ યુક્તિ કરી. તેમણે કહ્યું કે લાકડાંનો ઢગલો કરો. પછી તે ઢગલામાં આ રાક્ષસીનો આકાર બનાવી, તેને બાળી મૂકો. તે આકારને બાળતાં બાળતાં છોકરાંઓએ નઠારા શબ્દો બોલી તેને ચિડવવી. આમ થશે એટલે તે જાતેજ બળી મરશે.

પછી બધાએ તેમ કર્યું, એટલે રાક્ષસી અકળાઈ અને બળતામાં પડી મરી ગઈ.

આ રાક્ષસીનું નામ હોલિકા હતું.

પાઠ ૨૫મો

મા તરફ ફરજ

બાળક નાનું હોય છે ત્યારે તેની કોણ દરકાર લે છે? મા. તે રડે છે ને દુઃખ પામે છે ત્યારે તેના દુઃખથી કોણ દુઃખી થાય છે? મા. પોતાના સુખને તજી તેના સુખ માટે હમેશાં કોણ ચીવટ રાખે છે? મા.

મા જેમ બાળક માટે ફીકર રાખે છે, તેમ બાપ, મામા, માસી, મોટાં ભાઈબેન, ને બીજાં સગાં પણ ફીકર રાખે છે.

તોપણ રાતદિવસ માને બાળક માટે જેટલી મહેનત પડે છે તેટલી બીજા કોઈને નથી પડતી. મા તરફથી બાળક જેટલું શીખે છે, તેટલું બીજા કોઈ તરફથી શીખતું નથી.

માને દરેક બાળક ચહાય છેજ. માનો ઉપકાર કોઈ દિવસ ભુલાય નહિ એવો છે. બાળકો, તમે હમેશ મા તરફ વહાલ રાખજો. તે કહે તેમ કરજો. તેને રાજી રાખજો. તેથી તમારૂં ભલું થશે.

સિકંદર નામે એક મોટો બાદશાહ હતો. તેને પોતાની મા પર બહુ સ્નેહ હતો. તે દેશો જીતવા જતો ત્યાંથી જે જે સુંદર ચીજ તેને હાથ આવતી તે પોતાની માને ભેટ મોકલતો. માને તે આવી રીતે રાજી કરતો, પણ માનો સ્વભાવ તરેહવાર હતો. દીકરાની ગેરહાજરીમાં દીકરાના રાજ્યની બાબતમાં તે ખટપટ કરતી. તે વિષે તેનો વજીર ફરી ફરી તેને ફરિયાદ કરતો.

એક વાર વજીરે સિકંદરની માની ખટપટની બાબતમાં ઉપરા ઉપરિ કાગળો લખ્યા ને સિકંદરને સખ્ત શબ્દોમાં ફરિયાદ કરી. સિકંદર દુનિયાનો રાજા હતો, પણ તેની માનો તે પુત્રજ હતો. તે ગમે તેવો મોટો હતો, છતાં મા આગળ પોતાને નાનોજ માનતો હતો; તેથી ચિડવાઈને તેણે પોતાના વજીરને ઉત્તર આપ્યો. તને ખબર નથી કે મારી માના આંખનું એકજ આંસુ તારા છસેં કાગળો ધોઈ નાંખવાને બસ છે.

મા તરફ કેવો આબાદ સ્નેહ!

પાઠ ૨૬મો

સારૂં કામ

ઉપજાતિ

અરે રૂડો માનવ દેહ આવ્યો,
બહૂ પ્રતાપી પ્રભુએ બનાવ્યો;
તમે વિચારો હિત જો તમારૂં,
કરો કરો કાંઇક કામ સારૂં. ૧

ન કાઢશો કાળ કદી નકામો,
પરોપકારી શુભ નામ પામો;
ઠગાઇથી નામ ઠરે નઠારૂં,
કરો કરો કાંઇક કામ સારૂં. ૨

જગત્પતીને પ્રિય કામ જે છે,
આ લોકમાં ઉત્તમ કામ એ છે;
બિજું બધું માલ વિના બિચારૂં,
કરો કરો કાંઇક કામ સારૂં. ૩

મહીપતીઓ પણ રાજ મેલી,
ખપી ગયા ભૂ પર ખેલ ખેલી;
વિશેષ શું વર્ણન હું વધારૂં,
કરો કરો કાંઇક કામ સારૂં. ૪

મનુષ્યકાયા નથિ મોજ માટે,
ઘડી નથી તે પશુપક્ષિઘાટે;
અખંડ સ્વર્ગે સુખ આપનારૂં,
કરો કરો કાંઈક કામ સારૂં. ૫

દલપતરામ

પાઠ ૨૭મો

ઈદ

મુસલમાનોમાં સહુથી મોટો તહેવાર બકરી ઈદનો છે. વરસમાં એ તહેવાર બે વાર આવે છે. એ ખુશીનો દિવસ છે.

મુસલમાન લોકોમાં વરસનો છેલ્લો મહીનો મક્કાની હજ્જ કરવાનો ગણાય છે. એ મહીનાની નવમી તારીખે હજ્જનો દિવસ છે અને દસમી તારીખે ઈદનો તહેવાર આવે છે. જ્યાં જ્યાં મુસલમાન લોક વસે છે ત્યાં ત્યાં તેઓ આ તહેવાર બહુ ધામધૂમથી પાળે છે.

ઇબ્રાહીમ પોતાના પુત્ર ઇસ્માઈલને ખુદાને અર્પણ કરવા તૈયાર થયા, તેની યાદગીરીમાં આ

તહેવાર પળાય છે. કુરાનમાં એ વિષે નીચે મુજબ હકીકત છે:—

"ઇબ્રાહીમે પોતાના પુત્રને કહ્યું, હે પુત્ર, મારે તારો નાશ કરી તને ખુદાને અર્પણ કરવો એવું મને સ્વપ્નું આવ્યું છે. મારે શું કરવું? તું વિચાર કર. તું શું ધારે છે? પુત્રે કહ્યું, તમને ખુદા તરફથી હુકમ થયો હોય તે મુજબ તમે કરો. ખુદાની રહેમ છે. તમે જોશો કે હું ધીરજવાન છું. જ્યારે ખુદાની મરજીને બંને તાબે થયા અને ઇબ્રાહીમે પુત્રને ઊંધો સુવાડયો ત્યારે અમે તેને કહ્યું, હે ઇબ્રાહીમ, હવે તેં સ્વપ્નને સાચું કર્યું છે. અમે આ પ્રમાણે ધર્મનાં કામ કરનારને બદલો આપીએ છીએ. ખરે-ખર, આ એક ખુલ્લી કસોટી હતી. તેને બદલે એક ઉત્તમ પ્રાણી ખુદાને અર્પી અમે તેને છૂટો કર્યો. આવતા જમાનાના લોકો તેને નમશે અને કહેશે કે પ્રભુ તને શાંતિ આપો!"

આ ઉપરથી હઝરત મુહંમદ પેગંબરે એવો હુકમ કર્યો છે કે મુસલમાનોએ પોતાના છેલ્લા મહીનાની દસમી તારીખે ખુદાને પોતાની ગુંજાશ મુજબ કોઈ જાનવર અર્પણ કરવું.

ઈદિને દહાડે લોકો બધો વખત આનંદમાં ગાળે છે. તેઓ સુંદર પોશાક પહેર છે, એકબીજાને મળવા જાય છે, ગરીબને સખાવત કરે છે, અને એ રીતે આખો દહાડો મોજશોખમાં ગાળે છે.

મુસલમાન લોકો રમજાન મહીનો અપવાસમાં કાઢે છે. એની પછીના મહીનાને પહેલે દહાડે બીજી ઈદિ આવે છે.

એ દિવસે બંદગી કરતાં પહેલાં મુસલમાન લોકો ગરીબને દાન આપે છે. પછી તેઓ ઈદિનો વરઘોડો કાઢે છે. મિત્રો એકબીજાને મળીને મુબારકબાદી આપે છે. ગાયન, મિજલસ, નાચ, અને એવી મોજમઝામાં તેઓ આખો દહાડો પસાર કરે છે.

પાઠ ૨૮મો

અનાજ, ભાગ ૧લો

મહેતાજી—અનાજ તો તમે જોયાં છે. ભાઈ, વનમાળી, તું અનાજનાં નામ દે.

વનમાળી—સાહેબ, ઘઉં, બાજરી, જુવાર, ચોખા, ને દાળ.

મહેતાજી—ચણા, વાલ, અડદ, મગ, વટાણા, ચોળા, મઠ, તુવેર, એ પણ અનાજ છે. એ કઠોળ કહેવાય છે. દાળ શેની શેની થાય છે?

છગન—સાહેબ, તુવેરની, ચણાની, મગની, અડદની, અને વાલની.

મહેતાજી—ઠીક. બધાં કઠોળની દાળ થાય છે. બાજરી ને જુવાર એ ગરીબ લોકોનો ખોરાક છે. બાવટો, કોદરા, કાંગ, ચીણો, અને બંટી, એ હલકાં અનાજ છે. એથી ગરીબનું પોષણ થાય છે. ઘઉં ક્યારે વવાય છે તે જાણો છો?

મગન—સાહેબ, શિયાળામાં.

મહેતાજી—અનાજ વાવતાં પહેલાં જમીન ખેડવી પડે છે. ખેડુત જમીન શેણે ખેડે છે?

રણછોડજી—સાહેબ, હળ વડે.

મહેતાજી—હળ વડે જમીન ખેડી તેમાં ચાસ પાડે છે. પછી એમાં અનાજની ઓરણી કરે છે. તમે ઘઉંનો છોડ જોયો છે?

છોકરાં—હા, જી. એ છોડ પીળો હોય છે. એને કણસલાં કે ડુંડાં આવે છે, તેમાં ઘઉંના દાણા હોય છે.



મહેતાજી—બરાબર. એ છોડ એક જાતનો ઘાસનો છોડ છે. એ પાકે છે ત્યારે પીળો થાય છે. એ ચારેક ફૂટ ઊંચો હોય છે. દરેક થડને છેડે એકેક કણુસલું હોય છે, તેમાં ઘઉંના દાણા હોય છે. એ દાણાની આસપાસ છોતરાં હોય છે. એ છોડનું થડ પોલું હોય છે.

પાઠ ૨૯મો

અનાજ, ભાગ ૨જો

મહેતાજી—કાલે, તમને ઘઉંના છોડ વિષે શિખવ્યું. ઘઉંના દાણા શેમાં હોય છે? ઇબ્રાહીમ, તું બોલ.

ઇબ્રાહીમ—સાહેબ, કણસલાંમાં.

મહેતાજી—બરાબર. ચોખા શેમાંથી નીકળે છે, તે જાણો છો ?

મકનજી—હા, જી. ડાંગેરમાંથી.

મહેતાજી—ખરી વાત. ડાંગેરના છોડને ખૂબ પાણી જોઈએ છે. એક ફૂટ ઊંચો થાય છે ત્યારે એ છોડને મૂળથી ઉખેડી નાંખવામાં આવે છે. એને ધરૂ કહે છે. પછી એ ધરૂને તૈયાર કરેલા ક્યારામાં રોપવામાં આવે છે. થોડા દહાડા રહીને ધરૂ ક્યારડામાં મૂળ ઘાલી ઊગવા માંડે છે. એ ધરૂને ડૂબી જાય એટલું પાણી



જોઈએ છે. ખેડનાર ને તેના બળદને ઘણી વાર ઘુંટણપૂર પાણી ને કાદવમાં ફરવું પડે છે. ધરૂ એટલે શું તે હવે સમજ્યા ?

છોકરાઓ—હા, જી. ડાંગેરના નાના છોડને ઉખેડી બીજે ઠેકાણે રોપે છે, એ છોડ ધરૂ કહેવાય છે.

મહેતાજી—બરાબર. દિવસે દિવસે ધરૂ મોટા થાય છે. એ પાંચછ ફૂટ ઊંચા થાય છે. બે મહીના રહીને એ છોડ કાપણી કરવા લાયક થાય છે. એના દરેક સાંઠાને પચાસસાઠ દાણા આવે છે. એની કાપણી શેણે કરે છે, તે જાણો છો ?

ભિખાજી—હા, જી. દાંતરડા વડે.

મહેતાજી—ખરી વાત. દાંતરડા વડે છોડો કાપી એક ઠેકાણે એકઠા કરે છે. એ પૂળા પર બળદ ફેરવે છે, એટલે નકામું ઘાસ છૂટું પડી જાય છે ને ડાંગેર રહે છે.

પાઠ ૩૦મો

પાણી પ્હેલી ચણિયે પાળ.

ચોપાઈ

કરિયે દિવસે એવું કામ, રાતે રહિયે કરી વિરામ;
સાલે નહિ અંતરમાં સાલ, પાણી પ્હેલી ચણિયે પાળ. ૧

લાગે જ્યારે ઘરમાં લ્હાય, ખોદે કુવો નહિ ખોદાય;
સદા પ્રથમ કરિયે સંભાળ, પાણી પ્હેલી ચણિયે પાળ. ૨

શીઆળે રજનીને અંત, ટાઢ પડે તે તો અત્યંત;
તેજ વખત ન વણાયે શાલ, પાણી પ્હેલી ચણિયે પાળ. ૩

ઉનાળે વનમાં આથડે, પછી પુરો તડકો ત્યાં પડે;
ત્યાં ન મળે છત્રીનો તાલ, પાણી પ્હેલી ચણિયે પાળ. ૪

રગ રગમાં રૂંધાણો રોગ, જાય નહીં ઓસડ સંજોગ;
કરિયે આગળથીજ નિકાલ, પાણી પ્હેલી ચણિયે પાળ. ૫

દલપતરામ

પાઠ ૩૧મો

શરીરનું સુખ

દુનિયામાં બધાં સુખોમાં શરીરનું સુખ મોટાંમાં મોટું છે. ગમે તેટલા પૈસાટકા હોય, ગમે તેટલા ચાકરનફર ખિજમત ઉઠાવવા ખડા રહેતા હોય, તોપણ એ વૈભવ શરીરના સુખ વગર સારો લાગતો નથી. ખાવાપીવામાં, પહેરવાઓઢવામાં, હરવાફરવામાં, અને બીજા દરેક કામમાં શરીર રોગ વગરનું હોય તોજ આનંદ લાગે છે. તબીઅત ઠીક ન હોય તો કશું ગમતું નથી.

એ સુખ મેળવવું ઘણે દરજ્જે આપણા પોતાના હાથમાં છે. શરીર એક સંચા જેવું છે. સંચો જેમ સાચવીએ તેમ સારો રહે છે. આપણે એને દરરોજ વખતસર ચલાવી જેટલું કામ એ આપી શકે તેટલુંજ કામ એની પાસે લઈએ અને એમાં થતો ઘસારો પૂર્યા કરીએ, તો એ લાંબો વખત ટકે છે. એજ પ્રમાણે આપણે દરરોજ શરીરને ઘટતી કસરત અને ઘટતો આરામ આપતા જઈએ, તો આપણું શરીર સારૂં રહે છે અને એને ઘણુંખરૂં રોગ નડતો નથી.

શરીરે સુખી રહેવું હોય તો આપણે ખાવાપીવામાં નીમ રાખવો જોઈએ. ખોરાકને હજમ કરવા દરરોજ શરીરને કસરત આપવી જોઈએ. તાજી હવામાં દરરોજ થોડો વખત ફરવું જોઈએ. દરરોજ નાહીધોઈ શરીર ચોકૂખું રાખવું. ચોકૂખાં કપડાં પહેરવાં. ઘરમાં ને ઘરની આસપાસ ચોક્ખાઈ રાખવી. નિયમસર દરરોજ વહેલાં સૂવું ને વહેલાં ઊઠવું.

આપણે જેટલો ખોરાક પચાવી શકીએ તેટલોજ ખોરાક ખાવો. પેટ ભરાય છે તેની દરેક માણસને ખબર પડે છે. માટે ખાવામાં લહેજત પડે તો વધારે ખાઈ તબીઅત બગાડવી નહિ. જે દરરોજ ભૂખ પ્રમાણે ખોરાક લે છે અને જેને દરરોજ પેટ સાફ આવે છે તેની તબીઅત એકંદર સારી રહે છે.

પાઠ ૩૨મો

પતેતી

પારસી લોકોનો મુખ્ય તહેવાર પતેતી છે. એ એમના વરસનો છેલ્લો દહાડો છે. પતેતીનો તહેવાર મોટો છે. પતેતી પછીના મહીનાને પહેલે દિવસે પારસીઓનું નવું વર્ષ છે.

પારસીઓમાં બે પંથ છે, કદમી અને શાહનશાહી. કદમીઓમાં પતેતીનો દિવસ શાહનશાહીઓના કરતાં એક મહીનો વહેલો આવે છે.

શાહનશાહીઓ એમ માને છે કે એકસો ને વીસ વર્ષે કબીસો કરવાનું એટલે એક અધિક માસ પાળવાનું ઝરથુસ્ત ધર્મમાં લખ્યું છે. જ્યારે મુસલમાનોના જુલમને લીધે તેમને ઇરાન છોડવું પડયું ત્યારે હિંદુસ્તાનમાં આવતાં પહેલાં તેમણે કબીસો કર્યો હતો. પણ હિંદુસ્તાનમાં આવ્યા પછી તેમણે કબીસો કરવાનો રિવાજ બંધ કર્યો હતો. આથી તેમનું નવું વર્ષ કદમીઓના વર્ષ કરતાં એક મહીનો મોડું આવે છે. કદમીઓ કહે છે કે કબીસો કરવાનું ઝરથુસ્ત ધર્મમાં નથી.

'પતેતી' શબ્દનો અર્થ પસ્તાવામાં પડેલો એવો થાય છે. વર્ષમાં જે પાપ થયાં હોય તેમાંથી છૂટકારો માગવા પારસીઓ વર્ષને છેલ્લે દહાડે અહુરમઝદની પ્રાર્થના કરે છે.

નવા વર્ષને ઉજમાળે દિવસે પારસીઓ હમેશના કરતાં વહેલા ઊઠે છે ને નાહીધોઈ ચોખ્ખા થાય છે. પછી તેઓ સફેદ પોશાક પહેરી અહુરમઝદની

પ્રાર્થના કરે છે કે તું અમારા પર દયા કર. પ્રાર્થનાની શરૂઆતમાં તેઓ ઈશ્વરની શક્તિની સ્તુતિ કરે છે, કીધેલાં પાપ માટે માફી માગે છે, અને આતશ-બહેરામમાં સુખડ ચઢાવે છે.

બાકીનો દિવસ પારસીઓ ખુશાલીમાં ગાળે છે. તેઓ મિત્રોને મળે છે અને નવા વર્ષની મુબારકબાદી આપે છે.

આ પ્રમાણે પારસીઓનો બેસતા વર્ષનો તહેવાર હિંદુઓના બેસતા વર્ષના તહેવાર જેવો છે. બંને કોમો તે સરખી રીતે ખુશાલીમાં અને પ્રાર્થનામાં ગાળે છે.

પાઠ ૩૩મો

દેડકો અને સાપ, ભાગ ૧લો

એક કુવામાં એક દેડકો રહેતો હતો. એને એનાં સગાંવહાલાંની સાથે વેર હતું. વેર વાળવાની એને ઘણી મરજી થઈ. વેરને લીધે બધાં અક્કલ ખોઈ બેસે છે ને ન કરવાનું કરે છે. દેડકાએ વિચાર્યું કે

આપણને જે દુઃખ દે તેને દુઃખ દેવું એ બહાદુરીનું કામ છે. હું મારાં સગાંવહાલાંનું વેર વાળું ત્યારેજ ખરો.

હવે વેર કેવી રીતે વાળવું એનો વિચાર દેડકો કરતો હતો. એટલામાં એણે એક સાપ જોયો. તરત એને યુક્તિ સૂઝી કે શત્રુની મદદથી શત્રુને મારવા.

અનુષ્ટુભ્

દુઃખ દેનાર કાંટાને, કાંટાથી જેમ કાઢિયે;
દુઃખ દેનાર શત્રૂને, શત્રુથી તેમ મારિયે.

આમ વિચારી પેલા સાપને એણે બૂમ પાડી કે હે ભાઈ, આમ આવ. સાપે પૂછ્યું, તું કોણ છે? તું શા માટે મને બોલાવે છે? ઘાસને ને દેવતાને તે સોબત હોય?

દેડકાએ કહ્યું કે હું તારી દોસ્તી શોધું છું. તું મારો વેરી છે ખરો, પણ જ્યારે જીવ કે પૈસો બચાવવો હોય ત્યારે બધાં પ્રાણી દુશ્મનને પણ શરણે જાય છે. તે પ્રમાણે હું તારે શરણે આવ્યો છું. મારે મારાં સગાંવહાલાં સાથે વેર બંધાયું છે. આ કુવામાં એક દર છે. તેમાં તું રહે ને મારા વેરીઓને મારીને ખાજે.

સાપે વિચાર કર્યો કે હું ઘરડો થયો છું ને ઘણી મહેનતે એકાદ ઉંદર કોઈ કોઈ વાર મારી શકું છું. તો આ દુષ્ટ દેડકો મારી મદદ માગે છે, તેમાં મને લાભજ છે. રોજરોજ એનાં દુશ્મન સગાં મને ખાવાને મળશે ને નિરાંતે મારૂં પેટ ભરાશે. આમ ધારી સાપ ખુશીથી તે દેડકા સાથે કુવામાં ગયો.

પાઠ ૩૪મો

દેડકો ને સાપ, ભાગ ૨જો

ધીમેધીમે તે દેડકાના બધા દુશ્મનોનો નાશ થયો ને સાપને ખાવાનું ખૂટયું. દેડકાના છોકરાને ને છેવટે તેની પત્નીને પણ તે સાપ ખાઈ ગયો. હવે દેડકો એકલો રહ્યો. ત્યારે સાપે કહ્યું, ભાઈ, મને ભૂખ લાગી છે. કંઈ પણ ખાવાનું આપ.

દેડકાએ જોયું કે મારો વારો આવ્યો છે. હવે મારે યુક્તિથી નાસી જવું જોઈએ. એ બોલ્યો, ભાઈ, બીજા કુવામાં મને જઈ આવવા દે તો ત્યાંથી બીજા દેડકાઓને ફોસલાવી હું અહિં લઈ આવું.

સાપે કહ્યું, જા, ભાઈ, જા. તું મારો ભાઈ છે. તને કંઈ મારાથી ખવાય ! તું બીજા દેડકાઓને લઈ આવે તો હું તને મારા પિતા જેવો ગણું.

બીજા કુવામાંથી દેડકાઓ લાવવાને બહાને તે દેડકો બહાર નીકળ્યો ને તે ગયો તે ગયો. ઘણી વાર થઈ, છતાં તે ન આવ્યો ત્યારે સાપે એક મગરીને કહ્યું, બેન, જરા મારૂં કામ તું નહિ કરે ! દેડકાને જઈ કહે કે હે ભાઈ, બીજા દેડકા ન આવે તો ઓછા. તું એકલો પાછો આવ. મને તારા વિના ગમતું નથી.

મગરીએ દેડકાને સાપનો સંદેશો કહ્યો.

દેડકાએ જવાબ દીધો. ભૂખ્યાનો ભરોસો શો ? એણે મારાં સગાંને મારી નાંખ્યાં છે. એ મને છોડવાનો છે ? તું જઈને કહે કે હવે હું ફરી કુવામાં આવવાનો નથી.

પાઠ ૩૫મો

શક્તિ વિચારીને કામ કરવું.

ચોપાઈ

લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં પણ માંદો થાય;
તે માટે તક જોઈ તમામ, શક્તિ વિચારી કરિયે કામ. ૧

દેખાદેખી સાધે જોગ, પડે પંડ કે વાધે રોગ;
ગણે મૂર્ખમાં સઘળું ગામ, શક્તિ વિચારી કરિયે કામ. ૨

શ્રીમંતો બહુ લાણાં લાહ્ય, ફૂલણજી દેખી ફૂલાય;
દુખે મરે ખરચીને દામ, શક્તિ વિચારી કરિયે કામ. ૩

નટ દોરે નાચે ને ફરે, જો બીજો જન એવું કરે;
જાય જરૂર તે જમને ધામ, શક્તિ વિચારી કરિયે કામ. ૪

સમજી લ્યો શિખામણ સાર, કહું છું સાચું કોટિક વાર;
દાખે મુખથી દલપતરામ, શક્તિ વિચારી કરિયે કામ. ૫

દલપતરામ

પાઠ ૩૬મો

શ્રીકૃષ્ણનું બાળપણ, ભાગ ૧લો

શ્રાવણ વદ આઠેમે હિંદુ લોકો મોટો ઓચ્છવ કરે છે. ઘેરે ઘેર શ્રીકૃષ્ણનાં ભજન ગવાય છે. મંદિરોમાં ઘણી શોભા થાય છે અને લોકોનાં ટોળે-ટોળાં દર્શન કરવા જાય છે.

એ આઠેમને દિવસે શ્રીકૃષ્ણ મથુરામાં જન્મ્યા હતા. ત્યાં કંસ રાજાનું રાજ્ય હતું. એ ઘણો ઘાતકી રાજા હતો. એણે પોતાના પિતાને ગાદી પરથી ઉઠાડી મૂક્યો હતો. એને દેવકી કરીને બેન હતી, તે વસુદેવને પરણી હતી. દેવકીનો આઠમો બાળક તને મારશે એવી કંસને ખબર થઈ હતી. આથી તેણે દેવકીને ને વસુદેવને કેદ કર્યાં હતાં.

શ્રાવણ વદ આઠેમે મધરાતે શ્રીકૃષ્ણ વસુદેવ ને દેવકીને ત્યાં જન્મ્યા.

એજ દિવસે ગોકુળમાં નંદ ને જસોદાને ઘેર પુત્રી અવતરી. કંસ કૃષ્ણને મારી નાંખશે એવી બીકથી વસુદેવ તેમને લઈ જમના નદી ઓળંગી ગોકુળ ગયા. ત્યાં તેમણે જસોદાની પાસે કૃષ્ણને

મૂક્યા અને તેની પાસે સૂતેલી પુત્રીને લઈ લીધી.
એમ કરી તેઓ છાનામાના મથુરામાં કેદખાનામાં



પાછા ફર્યા. કન્યા રોવા માંડી એટલે ચોકીદારો જાગી
ઊઠ્યા. કંસે જાણ્યું કે દેવકીને કન્યા આવી છે.
ખબર થતાં વાર તે કેદખાનામાં ગયો અને દેવકીના

હાથમાંથી તેણે કન્યા છીનવી લીધી. જેવો તે તેને પત્થર સાથે અફાળવા ગયો, તેવો તેણે અવાજ સાંભળ્યો કે મૂર્ખ! એને શું કામ મારે છે? તારો વેરી તો ગોકુળમાં જન્મ્યો છે. કંસે શરમાઈ દેવકીને ને વસુદેવને છોડી મૂકયાં.

નંદને ઘેર શ્રીકૃષ્ણે ઘણી બાળલીલા બતાવી. એક દહાડો જસોદા મા કૃષ્ણને ખોળામાં લઈ ઉમળકાથી ધવડાવતાં હતાં, તેવામાં તેમના મોંમાં તેમણે પૃથ્વી, આકાશ, ને પાતાળ દીઠાં; તેથી તેઓ અચંબો પામ્યાં.

શ્રીકૃષ્ણના પર ગોવાળોની બહુ મમતા હતી; પણ તેઓ મસ્તી કરી તેમને પજવતા. તેઓ તેમનાં દૂધ, દહિં, તથા માખણ ચોરતા. ગોવાળો જસોદાને રાવ ખાતા, પણ કૃષ્ણ માનતા નહિ.

એક દિવસ તેમણે ભારે તોફાન મચાવ્યું, તેથી જસોદાએ તેમને ઉખળે બાંધ્યા. કૃષ્ણ ખુશીથી બંધાયા અને ઉખળાને ઘસડી ઘસડી આમલીનાં બે ઝાડ પાસે લઈ ગયા. ત્યાં તેમણે તેને એવા જોરથી અફાળ્યું કે બંને ઝાડ પડી ગયાં.

કંસે તેમને મારવાને પૂતનાને મોકલી. ગોપીને વેશે તે જસોદા પાસે ગઈ અને કૃષ્ણને ધવડાવવા તેણે ખોળામાં લીધા. કૃષ્ણ એવા જોરથી ધાવ્યા કે તેના ડોળા ચઢી ગયા ને તરત જીવ જતો રહ્યો. આ પ્રમાણે જે જે રાક્ષસોને કંસે શ્રીકૃષ્ણને મારવા મોકલ્યા તે બધાને તેમણે મારી નાંખ્યા.

પાઠ ૩૭મો

શ્રીકૃષ્ણનું બાળપણ, ભાગ ૨જો

ગોવાળીઆઓની સાથે કૃષ્ણ ગાયો ચરાવવા જતા. ત્યાં વાંસળી વગાડતા અને રમતા. ગોવાળોને તેમના વગર ચહેન પડતું નહિ. તેમની વાંસળીનો મીઠો અવાજ સાંભળી સહુ ગાંડા જેવા થઈ જતા.

તેઓ માખણ ચોરતા અને દાણ લેવાને બહાને ગોપીઓને રસ્તામાં રોકતા. ગોપીઓ નહાવા જતી ત્યારે તેઓ તેમનાં કપડાં સંતાડતા. ગોપીઆને તેમની સાથે રમ્યા વગર કળ પડતી નહિ.


એક દિવસ કંસે નંદને કહાવ્યું કે મને કદમનું ફૂલ મોકલો. એ ફૂલ જમનાના ઉંડાણમાં હતું. ત્યાં કાળી-

નાગ રહેતો હતો. આથી નંદને ને જસોદાને ફીકર થઈ કે હવે શું કરવું? કૃષ્ણ કહે, ગભરાશો નહિ. હું ફૂલ લાવું છું. એમ કહી તેઓ રમવા નીકળ્યા ને રમતાં રમતાં ગોવાળોની દડી તેમણે જમનામાં ફેંકી દીધી.

પછી કિનારા પરના કદંબના ઝાડ પર ચઢી કૃષ્ણે નદીમાં ભુસકો માર્યો. તેઓ ઉંડાણમાં જ્યાં નાગ રહેતો હતો ત્યાં ગયા. નાગેણો તેમનું રૂપ જોઈ છક થઈ. તેમણે તેમને બહુ સમજાવ્યા કે હે બાળ! તું જલદી ચાલ્યો જા. અમારા સ્વામી જાગશે તો તને મારી નાંખશે. કૃષ્ણે તેમને લેખવી નહિ. તેમણે નાગને જગાડયો અને તેની સાથે લડી તેને હરાવ્યો. ત્યાંથી કદમનું ફૂલ લઈ તેઓ ઘેર ગયા.



ઘણા વખતથી ગોવાળીઆ ઇંદ્રને પૂજતા હતા. કૃષ્ણે તેને બદલે તેમને ગોવર્ધન પર્વતને પૂજવા કહ્યું. ગોવાળોએ તેમ કર્યું, તેથી ઇંદ્રે ગુસ્સે થઈ મુસળધાર વરસાદ વરસાવ્યો. ગાયો પાણીમાં તણાવા લાગી અને



ગોવાળો બહુ દુઃખ પામવા લાગ્યા. શ્રીકૃષ્ણે પર્વતને ટચલી આંગળી પર ઊંચો રાખી બધાનો બચાવ કર્યો.

કંસે કૃષ્ણને ને તેના ભાઈ બળરામને મથુરા તેડાવ્યા. તેઓ ત્યાં ગયા. કંસે તેમની સાથે કુસ્તી કરવા પોતાના મલ્લોને કહ્યું. કૃષ્ણે તે બધાને હરાવ્યા. કંસે તેમને મારવા બીજા મલ્લોને કહ્યું, એટલે કૃષ્ણે કંસની ચોટલી પકડી તેને જમીન સાથે અફાળ્યો ને મારી નાંખ્યો. પછી તેમણે તેના પિતાને ગાદીએ બેસાડયો, નંદને ગોકુળ પાછા વાળ્યા, ને પોતે પોતાના પિતા વસુદેવને ઘેર ગયા.

પાઠ ૩૮મો

ભરૂચ જિલ્લોઃ મુખ્ય સ્થળો

ભરૂચ શહેર નર્મદા નદીને કિનારે આવેલું છે. એ ઘણું જૂનું શહેર છે.

એ શહેર ઊંચી ટેકરી પર બાંધેલું છે. એ લગભગ અઢી માઇલ લાંબું ને પોણો માઇલ પહોળું છે, તેથી એ પાઘડીપના જેવું દેખાય છે.

અંકલેશ્વર મૂકયા પછી આગગાડીમાંથી એનો દેખાવ ઘણો રમણીય લાગે છે. નદીકિનારે લગભગ એક માઇલ સુધી મજબૂત કોટ આવેલો છે. ભરૂચ આગળ નર્મદાનો પટ ઘણો મોટો છે. તે લગભગ ૧ માઇલ છે.

શહેરની આસપાસ મજબૂત કોટ છે, તે સિદ્ધરાજ જયસિંહે બાંધ્યો હતો, એમ કહેવાય છે.

શહેરના રસ્તા ઘણા સાંકડા છે. તેમાં લલ્લુભાઈનો ચકલો એ જાણીતું સ્થળ છે. લલ્લુભાઈના મકાનની નકશી ઉત્તમ છે.

કોટની અંદર સરકારી કચેરીઓ, દલાલ હાઇ સ્કૂલ, ઇસ્પિતાલ, સુધરાઈ ખાતું, બંદીખાનું, એ બધાંનાં મકાનો અને વલંદાની કોઠી જોવા લાયક છે. કોટની બહાર કતપપોરની વચ્ચે બજાર ને તેની પાસે નદીકિનારે ફુરજો જોવા જેવાં છે.

નવચોકીથી દશાશ્વમેધ સુધી આખે કિનારે મંદિરો આવેલાં છે. દશાશ્વમેધનો કિનારો ઘણો પવિત્ર ગણાય છે.

જુમા મસ્જિદ એક જૂનું મકાન છે. ભરૂચના નવાબોની મસ્જિદો જૂની છે.

શહેરમાં પારસીઓની મોટી વસ્તી છે. હિંદુઓમાં ભાર્ગવ બ્રાહ્મણ અને બ્રહ્મક્ષત્રીની વસ્તી ઘણી છે.

અગાઉ ભરૂચમાં હાથનું વણાટકામ ઘણું ચાલતું. પારસી અને મુસલમાન વણકરો સૂતરનાં ને રેશમનાં કપડાં વણતા. છીંટ છાપવાનું ને ગળીથી રંગવાનું કામ પણ થતું.

ભરૂચ જિલ્લો કપાસની પેદાશ માટે જાણીતો છે. અહિંનું કપાસ હિંદુસ્તાનમાં ઉત્તમ મણાય છે. અહિં સૂતરના વણાટનાં કારખાનાં છે.

અંકલેશ્વર, જંબુસર, હાંસોટ, આમોદ, અને વાગરા, એ આ જિલ્લાનાં મોટાં ગામ છે. હાંસોટના ઘઉં વખણાય છે.

શુક્લતીર્થ—નર્મદા નદી ઘણી પવિત્ર મનાય છે. એના કિનારા પર ઘણાં પવિત્ર ઠેકાણાં છે. એને ઉત્તર કિનારે ભરૂચથી દસ માઇલને છેટે શુક્લતીર્થ નામનું સ્થળ છે. અહિં દર વરસ કાર્તકી પુનેમે મોટી જાત્રા ભરાય છે. ભરૂચ ને શુક્લતીર્થની વચ્ચે તવરાનું પ્રવિત્ર સ્થળ છે, ત્યાં વૈશાખ અધિક માસ હોય ત્યારે જાત્રા ભરાય છે.

ભાડભૂત—નર્મદાને ઉત્તર કિનારે ભરૂચથી આઠ માઇલ દૂર ભાડભૂતનું તીર્થ છે. ભાદરવો અધિક માસ હોય ત્યારે અહિં મેળો ભરાય છે. એવો પ્રસંગ ૧૯-૨૦ વર્ષમાં એક વાર આવે છે.

કાવી—જંબુસર તાલુકામાં કાવી નામના ગામમાં શ્રાવકોનું યાત્રાનું ઠેકાણું છે. તે મહી નદીને કિનારે છે. અહિં 'સાસુનું મંદિર' ને 'વહુનું મંદિર' એવાં બે મંદિર છે. સાસુએ એક મોટું મંદિર બંધાવ્યું ને તે પૂરૂં થયે પોતાના દીકરાની વહુની સાથે તે જોવા ગઈ. મંદિરમાં પેસતાં વહુનું માથું અથડાયું, તેથી તેણે કહ્યું, સાસુજી, આવું મંદિર કેમ બંધાવ્યું? સાસુએ કહ્યું, તું વધારે સારૂં મંદિર બંધાવજે. વહુએ આ વાત પોતાના પિતાને કહી. તેણે ૧૧ લાખ રૂપીઆને ખરચે એક મોટું મંદિર બંધાવ્યું, તે 'વહુનું મંદિર' કહેવાય છે.

પાઠ ૩૯મો

પંચમહાલઃ મુખ્ય સ્થળો

પંચમહાલ જિલ્લાનું નામ તેમાં પાંચ મહાલ છે તે પરથી પડયું છે. એ પાંચ મહાલ હાલોલ, કાલોલ, ગોધરા, દાહોદ, ને ઝાલોદ છે.

પંચમહાલનું મુખ્ય શહેર ગોધરા છે. એ ઘણું જૂનું શહેર છે. એમાં એક મોટું તળાવ છે, તે પરથી એનું નામ પડયું છે.

ચાંપાનેર એ જૂના વખતમાં મોટું નગર હતું. એને ચાંપા નામના વાણીઆએ વનરાજના સમયમાં વસાવ્યું હતું. હાલોલ એનું પરૂં હતું અને તેમાં ચાંપાનેરનો એક ઉત્તમ બાગ આવેલો હતો. ચાંપાનેરની પાસે પાવાગઢનો ડુંગર આવવાથી એનો બચાવ સારો થતો હતો. ગુજરાતના બાદશાહોએ ઘણો વખત એમાં રાજધાની કરી હતી. પાછળથી અમદાવાદમાં રાજધાની જવાથી એની પડતી આવી. હાલ ત્યાં ખંડેર છે ને નાનું ગામ છે. એ પાવાગઢની તળેટીમાં છે.

પાવાગઢને વિષે લોકોમાં ચાલતી આવેલી વાત એવી છે કે એ ડુંગરને ઠેકાણે જૂના વખતમાં એક ખીણ હતી. તેની પાસે ટેકરા પર એક ઋષિનો આશ્રમ હતો. તે ઋષિની પાસે એક દેવતાઈ ગાય હતી. એક દિવસ ટેકરાની ધાર પર ચરતાં ગાયનો પગ લપસ્યો, તેથી તે ખીણમાં પડી ગઈ. ઊભી ટેકરી પર ચઢવું અઘરૂં પડવાથી ગાયે તે ખીણ દૂધથી ભરી દીધી ને પછી તરીને તે ઘેર ગઈ. ઋષિને આની ખબર થઈ. ફરી આવો બનાવ ન બને માટે ઋષિએ તપ આદર્યું. તેથી પ્રભુએ ખીણને ઠેકાણે ડુંગર કર્યો. ડુંગરથી ખીણનો પોણો ભાગ ભરાઈ ગયો. પા ભાગ રહ્યો તે પાવાગઢ કહેવાયો.

પાવાગઢનો ડુંગર મોટો છે. તેના પર જૂના કિલ્લાના ખંડેર છે. પહેલાં તે પતાઈ રાવળના હાથમાં હતો. પછી મુસલમાનોએ તેને ઘેરો ઘાલ્યો. તેની સામા પતાઈ રાવળે બાર વર્ષ બચાવ કર્યો. આખરે, પતાઈનો નાશ થયો ને ગઢ મુસલમાનોના હાથમાં ગયો.

પાવાગઢ પર ઘણા દરવાજા ને મહેલનાં ખંડેર છે. ડુંગર પર ચઢતાં માચીનો મુકામ આવે છે. આગળ મકાઈ કોઠારનો દરવાજો આવે છે. ત્યાંથી

પાએક માઇલ ચઢાવ ઘણો ઊભો છે. પછી પાટીઆ-પોળનો દરવાજો આવે છે. પછી સૂરજ દરવાજો ને નગારખાનાનો દરવાજો આવે છે. છેવટે, ટોચ પર કાલિકા માતાના મંદિરમાં જવાય છે.

માચી આગળ એક તળાવ છે, તેમજ ઉપર દૂધીઉં તળાવ છે.

દહેરામાં ત્રણ મૂર્તિ છેઃ વચલી કાલિકા માતાની ને આસપાસની બે બહુચરાજીની ને મહાકાલીની છે. ટોચ પર એક પીરનું સ્થાન છે. ચૈત્રી પુનેમે ને દશેરા પર માતાની મોટી યાત્રા ભરાય છે.

ડુંગરની પશ્ચિમ બાજુએ સાત મોટા ઘુમટા છે, તેને નવ લખી કોઠાર કહે છે. ઉત્તાર તરફ તળાવ ને કુંડનાં ખંડેર છે ને પૂર્વ તરફ નાનાં, પણ સારી કોતરણીવાળાં જૈન મંદિર છે.

દાહોદ ગામ ગુજરાત ને માળવા બંનેની સર-હદ પર આવેલું છે. એ ઘણું જૂનું છે.

દાહોદથી પાંચેક માઇલ દૂર એક મોટા કુંડ છે, તેનું નામ ભીમકુંડ છે. તેમાં હોળી પહેલાં ઘણા ભીલો એકઠા થાય છે. એ કુંડને તેઓ પવિત્ર માને છે.

હાલોલમાં કરાડ નદીમાં ચક્કીનો આરો છે, તે જોવા લાયક જગા છે. નદીની વચ્ચે પુષ્કળ ઊંડા પાણીમાં એક ખડક છે, ત્યાં એક કુંડ બાંધ્યો છે, તે પવિત્ર મનાય છે. જેમ ચક્કીમાં દાણો દળાઈ લોટ થાય છે, તેમ ચક્કીને આરે નહાવાથી બધાં પાપ નાશ પામે છે, એમ મનાય છે.

પાઠ ૪૦મો

સત્ય

દોહરો

સત્ય સર્વદા બોલવું, જૂઠે રૂઠે ઈશ;
સત્ય તો વ્હેવાર છે, સત્ય કદિ ન છાંડીશ. ૧

જૂઠી સાક્ષી જે પુરે, જૂઠું બોલે જેહ;
જૂઠી વાત ચલાવતો, પાપી હીણો તેહ. ૨

જૂઠાં વચનો ઊપરે, રાખ નહીં વિશ્વાસ;
કરીશ કામ તારૂં કહી, કરતો નહિ નિરાસ. ૩

લવે કંઈ ને કંઈ કરે, તે જો બોલે સાચ;
લોક ન માને તેહને, તે તો નરસો કાચ. ૪

કરે ઘાત વિશ્વાસનો, કરે વચનનો ભંગ;
પાપી તે સમ નહિં બીજો, બગડ્યો જ્યાં મનરંગ. ૫

નર્મદ

પાઠ ૪૧ મો

સલામ

સલામ સૌને હાલ, સાહેબો, સલામ સૌને હાલ–ટેક

નિશાળની છે રીતિ સારી, ભણિયે આણી વ્હાલ–
સાહેબો૦ ૧

ગીત ગમતમાં નીતિ શીખતાં, સુધરે નરસી ચાલ–
સાહેબો૦ ૨

મેહેર ખુદાની હશે વળી તો, મળશું બીજે સાલ–
સાહેબો૦ ૩

નર્મદ

સમજુતી

સમજુતી

પાઠ ૨જો—નાઉમેદ થઈ=પોપટ ખરીદવાની હોંસ ભાંગી જવાથી નારાજ થઈ.

પાઠ ૩જો—મીઠાની ગુણ=મીઠાથી ભરેલો કોથળો. રિબાઉં છું=બહુ દુઃખ પામું છું.

પાઠ ૪થો—પલોટવું=કેળવી ગાડીમાં જોડાય એવું કરવું. પાણીદાર=તેજી; વેગે ચાલી શકે એવો. વફાદાર=ધણીની સેવા બજાવનાર; નિમકહલાલ.

પાઠ ૫મો—આતસકેરિ=આતસની (દેવતાની); બાજી ખેલ; આતસ°=આતસબાજી. કાંચન ઝાડ=સોનાનું ઝાડ. શાખા=ડાળી. દિસે=દેખાય. નિરખો=જુઓ. નભેથી=આકાશથી. વહી=હિસાબના ચોપડા. દેવાલયો=દહેરાં. અનકૂટ=ઘણા અનાજનો ઢગલો.

પાઠ ૬ઠ્ઠો—એદી=ઘણો આળસુ; પડયો રહે એવો.

પાઠ ૭મો—ખિસિયાણો પડયો=શરમાઈ ગયો.

પાઠ ૮મો—શોરબકોર=મોટો અવાજ.

પાઠ ૯મો—કાલા=કાલું; કાલું-મીઠું ને બરાબર ન સમજાય એવું-બોલનાર. દેહડી=નાજુક શરીર. વનકુળ=ઝાડની છાલનાં બનાવેલાં લુગડાં. તજી=છોડી દઈ. સુખદાતા=સુખની આપનારી; સુખ દેનારી.

પાઠ ૧૦મો—જથાબંધ=ભેગાં થઈ, એકઠાં. લીલોતરી=કુમળાં ઝાડ, પાંદડાં, ને ઘાસ.

પાઠ ૧૧મો—હિંદનો અમલ=હિંદનું રાજ્ય. પ્રજા=રૈયત.

પાઠ ૧૨મો—રસ્તો માપવો=રસ્તો કાઢવો.

પાઠ ૧૩મો—રામ વિના=રામ એટલે ભગવાન સમજવું. શીશ=માથું.

પાઠ ૧૪મો—તાતતણું=બાપનું. રંગીલા=આનંદી. રળીઆત=આનંદી. વાટ=રસ્તો. ખાંતે=ખંતથી. મોટ=મોટાઈ. પંડે=જાતે. પાવન=પવિત્ર. નિર્મળ=ચોક્ખું. તરણ=તરણું; ઘાસ. હુસ્ત°=કેમકે સાપ વગેરે માંહે ભરાઈ રહ્યું હોય તે કરડે.

પાઠ ૧૬મો—ન્યાય=ઇનસાફ. ઉદાર=મોટા મનનો.

પાઠ ૧૭મો—ખાધેપીધે સુખી=સાધારણ સારી સ્થિતિમાં.

પાઠ ૧૮મો—દુષ્ટ=નઠારા માણસો. સંગ=સંગત; સોબત. કોઈ દન=કોઈ પણ દહાડો.

પાઠ ૧૯મો—ફોલી ખાશે=સમજાવી, પટાવી પૈસો લઈ લેશે.

પાઠ ૨૦મો—વનદેવી=વનની દેવી. ન્યાયાધીશ=ઇનસાફ કરનાર અમલદાર.

પાઠ ૨૧મો—ધણિનું=ઈશ્વરનું. મિથ્યા=ફોકટ. ધાય=દોડે. કર્તા=જગતને સર્જનાર; ઈશ્વર. કરુણા=દયા. ધરી°=સહુ વિચાર કર્યા કરે, પણ ઈશ્વરનુંજ ધાર્યું થાય. અન્તર=મન. અલ્પબળ=થોડા જોરવાળું.

પાઠ ૨૨મો—દમામ=રોપ. અક્કડ=અભિમાનનો ભરેલો. સફાઈથી=ચોક્ખી રીતે, ખંચાયા વગર; કોણ પૂછે છે તેનો વિચાર કર્યા વગર. ખુદ=પોતે.

પાઠ ૨૩મો—ઝૂરી ઝૂરી=બહુ વેદના પામીને. કકળતાં=બહુ દુઃખી; દુઃખથી રોતાં. પૂણ્યો=ફળ્યો.

પાઠ ૨૪મો—પ્રસન્ન થયા=રાજી થયા. પત કરતી નહોતી=લેખવતી નહોતી.

પાઠ ૨૫મો—સ્નેહ=હેત. આબાદ=ખરો; અંતરનો; જબરો.

પાઠ ૨૬મો—માનવદેહ=માણસનો અવતાર. પ્રતાપી=શક્તિવાળો. જગત્પતી (તિ)=જગતનો ધણી; ઈશ્વર. લોક=દુનિયા. મહીપતી (તિ)=રાજા. ખપી ગયા=નાશ પામ્યા. ભૂ=પૃથ્વી. ખેલ ખેલી=પોતાનું કામ કરી. ઘાટે=આકારે. અખંડ=પૂરૂં.

પાઠ ૨૭મો—હજ્જ=જાત્રા. ખુદા=પોતે, પરમેશ્વર. હઝરત=નામદાર. ગુંજાશ=શક્તિ. મુબારકબાદી આપે છે=એક-બીજાનું ભલું ઇચ્છે છે.

પાઠ ૨૮મો—ચાસ=હળથી પાડેલા આંકા. ઓરણી કરે છે=ઓરે છે; વાવે છે. કણુસલાં=ડુંડાં; જેમાં અનાજના દાણા થાય એવો છોડનો ભાગ.

પાઠ ૩૦મો—સાલે=થાય. સાલ=દુઃખ. રજની=રાત. ઓસડ સંજોગ=ઓસડ કરવાથી.

પાઠ ૩૧મો—ખિજમત°=કહે તેવી સેવા કરવા. વૈભવ=સુખ; મોજશોખ. હજમ કરવા=પચાવવા. લહેજત પડે=સ્વાદ લાગે.

પાઠ ૩૨મો—પંથ=ધર્મના પક્ષ. અહુરમઝદ=પારસી લોકો એમને ઈશ્વર માને છે.

પાઠ ૩૩મો—શરણે=તાબે.

પાઠ ૩૪મો—પત્ની=બૈરી.

પાઠ ૩૫મો—સાધે જોગ=શ્વાસ રૂંધી મનને એકલા ઈશ્વરમાં પરોવવું એનું નામ યોગ. એવો યોગ કરવો. વાધે= વધે. દામ=પૈસા. નટ=નાચનાર; દોરડા પર કસરત કરનાર મદારી. ધામ=ઠેકાણું, ઘર. કોટિક વાર=કરોડ વખત. દાખે= બતાવે; કહે.

પાઠ ૩૬મો—રાવ=ફરિયાદ. ઉખળું=મુસળું, સાંબેલું.

પાઠ ૩૭મો—કળ પડતી નહિ=ચહેન પડતું નહિ.

પાઠ ૩૮મો—ફુરજો=જળમાર્ગે આવેલી ચીજો પર દાણ લેવાનું ઠેકાણું.

પાઠ ૩૯મો—આદર્યું=કર્યું.

પાઠ ૪૦મો—રૂઠે=ગુસ્સે થાય. સત્યે તો વ્હેવાર છે= સાચાથી દુનિયાનાં કામકાજ ચાલે છે. હીણો=દુષ્ટ; નઠારો. ઊપરે=ઉપર. લવે=બકે. નરસો=નઠારો. ઘાત=નાશ; ભંગ. સમ=સરખો. મનરંગ=મનનું ચોખ્ખું સ્વરૂપ.
